RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT

ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૪ ● અંક: ૭૮ ● તારીખ: ૨૮-૦૬-૨૦૨૫, શનિવાર ● પાના : ૮ ● કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

# જય રણછોડ....માખણ ચોર....ના નાદ સાથે ભગવાન જગન્નાથની નગર યાત્રા







આજે (૨૭ જૂન) અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૮મી ભવ્ય રથયાત્રાનું CMએ પહિંદવિધિ કરી પ્રસ્થાન કરાવ્યું. સાથે જ પ્રથમવાર ભગવાનને ગાર્ડ ઓફ ઓનર પણ અપાયું હતું. રથયાત્રાને લઈને આજે સવારના ૪ વાગ્યાથી ભક્તોની ભીડ જોવા મળી રહી છે. મંગળા આરતી સાથે આજના રથયાત્રાના દિવસનો પ્રારંભ કરવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પરિવાર સાથે જમાલપુર જગન્નાથ મંદિરે પહોંચી ભગવાનની મંગળા આરતી કરી હતી. આ સાથે મંદિર ખાતે હાજર સાધુ-સંતોના આશીર્વાદ લીધા હતા. આજની રથયાત્રામાં ૧૭ ગજરાજ, ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતી ૧૦૧ ટ્રક, અંગ કસરતના પ્રયોગો સાથે ૩૦ અખાડા, ૧૮ ભજન મંડળીઓ અને ૩ બેન્ડવાજાવાળા જોડાયા છે. હરિદ્વાર, અયોધ્યા, નાસિક, ઉજ્જૈન, જગન્નાથપુરી તથા સૌરાષ્ટ્રમાંથી ૨૫૦૦ જેટલા સાધુ-સંતો પણ મોટી સંખ્યામાં જોડાયા છે. રથયાત્રા દરમિયાન ખાડિયા પાસે એક હાથી બેકાબૂ થતાં નાસભાગ મચી જવા પામી હતી. આ ઘટનામાં એક વ્યક્તિને ઈજા થતાં ૧૦૮ મારફતે સારવારમાં ખસેડવાની ફરજ પડી હતી. આ ઘટના બાદ ૧૭ હાથીમાંથી ૩ હાથીને રથયાત્રામાંથી દુર કરવામાં આવ્યાં હતા. હાલ રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં આગળ વધી રહી છે.રથયાત્રા શાહપુર વિસ્તારમાંથી પસાર થઈ તે દરમિયાન છેલ્લા ૩૭ વર્ષની પરંપરાને નિભાવી પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ દ્વારા જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ અને રથયાત્રિકોને મોમેન્ટો અર્પણ કરી તેમજ શાલ ઓઢાડી, ફૂલ હાર સાથે શાંતિના દૂત કબૂતરોને ઉડાડી શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. આજના શુભ પ્રસંગે પોલીસ કમિશનર તેમજ તમામ પોલીસ અધિકારીઓએ પણ ગ્યાસુદ્દીન શેખ તેમજ તમામ મુસ્લિમ બિરાદરોનો આભાર વ્યક્ત કર્યો હતો.ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી તંબુ ચોકીથી દિલ્હી ચકલા તરફ ચાલતા ચાલતા નીકળ્યા છે. દરીયાપુર વિસ્તારમાં લોકોને મળવા માટે પહોંચ્યા હતા ત્યારે તેમને મળવા માટે પડાપડી થઈ હતી. ધક્કામૂકીના દ્રશ્યો સર્જાયા હતા. લોકોને મળવા માટે જઈ રહ્યા હતા ત્યારે તેમની આજુબાજુમાં ૨૫થી વધારે પોલીસ જવાનો અને લોકો મળવા માટે પડા પડી કરી રહ્યા હતા જેના કારણે થઈને થોડી ધક્કા મૂકી જેવું સર્જાયું હતું.રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીએ રથયાત્રા અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, અષાઢી બીજના આ પાવન અવસરે અમદાવાદ શહેરની ચારેય દિશાઓમાં 'જય રણછોડ, જય રણછોડ'ના નારા ગૂંજી રહ્યા છે. રાજ્યભરમાં ખૂબ જ મોટાપાયે જગન્નાથ યાત્રાનું પ્રયાણ થઈ ચૂક્યુ છે.

આજે વહેલી સવારે જગન્નાથ મંદિરમાં કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંગળા આરતી કરીને સમયસર ૧૬ કિ.મી. લાંબી રથયાત્રા શરુ કરાવી હતી. આજે ભગવાન જગન્નાથ શહેરીજનોને દર્શન આપવા માટે જયારે બહાર નીકળ્યા છે ત્યારે લાખોની સંખ્યામાં ભક્તો ચારેય દિશાઓમાં ગોઠવાયા છે. સૌ કોઈ સારી રીતે રથયાત્રાના દર્શન કરી શકે છે, તે પ્રકારની તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. ૨૩ હજારથી વધુ પોલીસકર્મીઓ હાલ રથયાત્રામાં ફરજ બજાવી રહ્યા છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, આ વર્ષે રથયાત્રામાં છૈં ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવ્યો છે. ગત વર્ષે ૬૫થી વધુ વિખૂટા પડેલા બાળકોને મળાવવાનું કામ પોલીસ દ્વારા કરવામાં આવ્યું હતું. આજે ૩૫૦૦થી વધુ કેમેરાની નજર રથયાત્રામાં આવેલા હજારો બાળકો પર છે. AI ટેક્નોલોજીની મદદથી બાળકની દરેક મૂવમેન્ટ કેમેરામાં કેદ કરવામાં આવે છે. આ ટેક્નોલોજી જો કોઈ બાળક આ ભીડમાં પરિવારથી વિખૂટા પડ્યા હોય તો તેને શોધવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહી છે.

## પાંચવાડા ખાતે રક્તદાન કેમ્પ યોજાયો





વિપુલકુમાર બારીયા - દાહોદ જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ ઝાયડસ મેડીકલ કોલેજ અને હોસ્પિટલની મોબાઈલ બ્લડ ડોનેશન વાન તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાંચવાડા ના સહયોગ થકી ગ્રામ્ય કક્ષાએ રક્તદાન કેમ્પનુ આયોજન કરી ૨૧થી વધુ બ્લડ યુનિટનું કલેકશન કરવામાં આવ્યું હતું. -અખંડ ભારત

## લગદાણા પ્રા. શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



ચંદુ ભાઈ - બાવળા તાલુકાની લગદાણા પ્રાથમિક શાળા માં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો અને વૃક્ષારોપણ કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો તેમાં ઉપસ્થિત ગામના સરપંચ શ્રી ઉપ સરપંચ શ્રી અને તાલુકા પંચાયત સદસ્ય શ્રી દશરથભાઈ અને ગામના વડીલો પણ હાજર રહ્યા હતા-અખંડ ભારત

## ચરાડા ગામ પંચાયતનું પરિણામ જાહેર



સુનિલ પટેલ- માણસા તાલુકાના ચરાડા ગામે ચૌધરી રમીલાબેન લવજીભાઈ ને ચરાડા ગ્રામ પંચાયતમાં ૧૩૬ વોટથી જીત મળતા શ્રી બરાડીયા હનુમાન ટ્રસ્ટ દ્વારા અને ગામના ભાઈઓ અને બહેનો અને વડીલોએ અભિનંદન પાઠવ્યા હતા-અખંડ ભારત

## રીદ્રોલ ગામ પંચાયતનું પરિણામ જાહેર



સુનિલ પટેલ - માણસા તાલુકાના રીદ્રોલ ગામે રીદ્રોલ ગામ પંચાયતની સરપંચની ચૂંટણીમાં પટેલ સુરેશચંદ્ર ગોવિંદલાલ ને ૯૬૭ વોટથી જંગી જીત મળતા રીદ્રોલ ગામના શ્રી વારાહી સેવા મંડળ તથા ગામના ભાઈઓ અને બહેનોએ અભિનંદન પાઠવ્યા હતા -અખંડ ભારત

## દિલ્હીમાં સન્માન સમારોહ યોજાયો



નરેન્દ્ર વાઘેલા - આજરોજ દિલ્હી ખાતે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર શ્રી અરવિંદ કેજરીવાલજી તેમજ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સાહેબ અને મનીષ સિસોદિયા, ગોપાલ રાય, આતિષી સિંહ સહિતના સિનિયર નેતાઓની ઉપસ્થિતિમાં ગુજરાત અને પંજાબમાં નવા ચૂંટાયેલા ધારાસભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

## દ્વારકાધીશ મંદિરે ૬૦ કિલો ચાંદીના રથમાં શ્રીજીની પરિક્રમા



દ્વારકાધીશ જગતમંદિરમાં અષાઢી બીજની પરંપરાગત ઊજવણી કરવામાં આવશે. ૨૮ જુન, ૨૦૨૫ને શનિવારના રોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦ સુધી પુષ્ય નક્ષત્ર અનુસાર દ્વારકાધીશ ભગવાનના બાળ સ્વરૂપની રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. દ્વારકાધીશ મંદિરમાંથી ભગવાન શ્રીજીના બાળ સ્વરૂપને નવા ચાંદીના રથમાં બેસાડીને દ્વારકાધીશ મંદિર પૂજારી પરિવાર દ્વારા દ્વારકાધીશના મુખ્ય ગર્ભગૃહને ફરતે ચાર વખત પરિક્રમા કરાવવામાં આવશે. મંદિર પરિસરમાં પૂજારી પરિવાર આયોજિત રથયાત્રા મહોત્સવમાં હજારો ભાવિકો પણ જોડાશે.

## કોટબા ખાતે પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો



ઘિસારામ ચૌધરી -ડાંગ કોટબા ખાતે પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત શિવશક્તિ જનસેવા ગ્રુપ દ્વારા હાજરીમાં બાલવાટિકા માં પ્રવેશ મેળવનાર બાળકો ને શિક્ષણ માં રૂચી વધે તે માટે દેશી હિસાબ , પેન્સિલ,રબર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.-અખંડ ભારત

## ભગવાન જગન્નાથની ૪૩મી રથયાત્રા નિમિત્તે લીંબુ શરબત નું વિતરણ





મયંકકુમાર પી.સોની - ભારત વિકાસ પરિષદ મોડાસા શાખા દ્વારા ભગવાન જગન્નાથની ૪૩મી રથયાત્રા નિમિત્તે લીંબુ શરબત નું આયોજન કરવામાં આવતાઆ કાર્યક્રમમાં ભારત વિકાસ પરિષદના પ્રમુખશ્રી સુમંતભાઈ પટેલ, મંત્રી શ્રી મૌલિકભાઈ,મધ્ય પ્રાંત સાબરકાંઠા,અરવલ્લી ના સહમંત્રી શ્રી ડોક્ટર એન જી બિહોલ,મોડાસા નગરપાલિકા પ્રમુખશ્રી નીરજભાઈ શેઠ સહિત આ કાર્યક્રમ ના દાતા શ્રી ગૌરાંગભાઈ સી.સોની (ભાગ્યલક્ષ્મી જ્વેલર્સ)મોડાસા તરફ થી તમામને લીંબુ શરબતનું વિતરણ કરાયું હતું.-અખંડ ભારત

## તંત્રી લેખ...

# ભારત સાથે અમેરિકા નો ખુબ મોટો વ્યાપાર કરાર થશે

અમેરીકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક તરફ ચીન સાથે શું વ્યાપાર કરાર થયો તે અંગે મૌન સેવ્યું છે પરંતુ માનવામાં આવે છે કે રેર અર્થ મટીરીયલ્સની બાબતે અમેરીકાએ ચીનને સંતોષ થાય તે રીતે કરાર કર્યા છે પરંતુ ભારત સાથેના વ્યાપાર કરાર અંગે જે તા.૯ જુલાઈની ડેડલાઈન વધારાના ટેરીફના અમલ માટે નિશ્ચિત કરી હતી તેમાં હવે વધારો કરાય તેવી શકયતા છે.

વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલીન લેવીટે જણાવ્યું હતું કે બન્ને દેશોના પ્રતિનિધિઓની મુલાકાતના સેડ્યુલને ધ્યાનમાં રાખીને ૯ જુલાઈની જે ટેરીફ ડેડલાઈન છે તેને વધારવામાં આવશે.

અગાઉ પ્રમુખ ટ્રમ્પે જાહેર કર્યું હતું કે, ભારત સાથે ૯ જુલાઈ સુધીમાં વ્યાપાર કરાર ન થાય તો અમેરીકાએ જે ઉચા ટેરીફ નિશ્ચિત કર્યા તે આપોઆપ લાગુ થઈ જશે. પરંતુ તે ડેડલાઈન હવે વધશે.જોકે ટ્રમ્પે એ પણ જાહેર કર્યુ કે, પહેલા ચીન સાથે વ્યાપાર કરાર પર સહી કરવા જઈ રહ્યા છીએ અને ભારત સાથે પણ એક ખુબજ મોટી ડીલ કરવાની તૈયારી છે. વ્હાઈટ હાઉસમાં તેઓએ એક કાર્યક્રમ સમયે પત્રકારો સાથેની વાતચીતમાં ચીન સાથેના વ્યાપાર કરારને એક બહેતરીન સોદો ગણાવ્યો હતો અને એ પણ ઉમેર્યુ કે ભારત સાથે પણ અમે મોટી વ્યાપાર સમજુતી કરવા જઈ રહ્યા છીએ.

અમેરીકામાં તેઓએ રજુ કરેલા બીગ બ્યુટીફુલ બીલ સંબંધી એક કાર્યક્રમમાં ટ્રમ્પે એવો દાવો કર્યો કે દરેક દેશ અમેરીકા સાથે વ્યાપાર સમજુતી કરવા તૈયાર છે; અને તે પોતે તેનો હિસ્સો બનવા પણ માંગે છે.

તેમને મીડીયાને ચીટીયો ભરતા કહ્યું કે થોડા મહિના પહેલા જ પ્રેસના લોકો એવું કહી રહ્યા હતા કે શું કોઈને આ પ્રકારે વ્યાપાર સમજુતીમાં રસ છે. પરંતુ આજે દરેક દેશ અમેરીકા સાથે આ કરાર કરવા ઈચ્છે છે.ટ્રમ્પે એવો દાવો કર્યો કે ચીન સાથેના વ્યાપાર કરાર ગઈકાલે જ સમજુતી થઈ છે. અને હવે અમે ભારત સાથે એક ખુબજ મોટી ડીલ કરવા જઈ રહ્યા છીએ. ટ્રમ્પે એવું કહ્યું કે અમે દરેક દેશ સાથે આ પ્રકારે કરાર કરશું નહીં અને દરેક સાથે સોદાબાજી પણ નહીં થાય. કેટલાક દેશોને પત્ર લખીને આભાર માનશું અને કહેશું કે તમારે ૨૫-૩૫-૪૫ ટકા તે પ્રમાણે ટેરીફ ભરવું પડશે.આ અત્યંત સરળ બાબત છે. ટ્રમ્પે એવો પણ દાવો કર્યો કે અમે ભારત માટે દરવાજા ખોલવા જઈ રહ્યા છે. ચીન સાથેના સોદામાં પણ અમે આ દેશ માટે દરવાજા ખુલ્લા રાખ્યા છે. જો કે તેમણે ચીન સાથે શું વ્યાપાર કરાર થયા છે તે અંગે કોઈ માહિતી આપી ન હતી.પરંતુ બાદમાં વ્હાઈટ હાઉસના એક અધિકારીએ એવું જણાવ્યું કે રેર અર્થ સીપમેન્ટમાં ઝડપ લાવવાને અમોએ મહત્વ આપ્યું છે. રોઈટર્સના રીપોર્ટ મુજબ જીનીવામાં જ બન્ને દેશો અંગે સમજુતી થઈ ગઈ હતી. અને મહત્વપૂર્ણ ખનીજ મટીરીયલ કે જે અમેરીકા માટે મહત્વનું છે તેને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

# ભાવનગરમાં ભગવાન જગન્નાથની રથયાત્રામાં ભક્તો ઝૂમી ઉઠ્યા



જય જગન્નાથ.જય રણછોડ. માખણચોર...

વિકાસ ચોઈથાની - આજરોજ અષાઢી બીજ ના પાવન પર્વ નિમિતે શ્રી શ્રી હરેકૃષ્ણધામ (ઈસ્કોન) મંદિર, લીલા સર્કલ દ્વારા આયોજીત ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું વિધિવત પૂજા કરી આરંભ કરવામાં આવ્યું.આ વેળાએ ભારતીય જનતા પાર્ટી ભાવનગર મહાનગરના અધ્યક્ષશ્રી કુણાલભાઈ કે. શાહ (કુમારભાઈ શાહ), મેયરશ્રી ભરતભાઈ બારડ, શાસકપક્ષ ના નેતા શ્રી કિશોરભાઈ ગુરુમુખાની,પૂર્વ શહેર અધ્યક્ષશ્રીઓ, પશ્ચિમ વિધાનસભાના ધારાસભ્યશ્રી જીતુભાઈ વાઘાણી, પૂર્વ વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતી સેજલબેન પંડ્યા, રાજકોટ જીલ્લા પ્રભારીશ્રી ધવલભાઈ દવે, ગુજરાત પ્રદેશ યુવા મોર્ચાના ઉપાધ્યક્ષશ્રી હરેન્દ્રસિંહ ગોહિલ, મહાનગરપાલિકાના હોદ્દેદારશ્રીઓ, પૂર્વ શહેર મહામંત્રીશ્રીઓ, ચૂંટાયેલા જન પ્રતિનિધિશ્રીઓ, સાધુ - સંતો, પાર્ટીના સૌ હોદ્દેદારશ્રીઓ તેમજ વિશાળ સંખ્યામાં ભાવેણાવાસીઓએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.- અખંડ ભારત

# ભારતીય ન્યાય સહિતા ૨૦૨૩ માં સોશ્યલ મીડીયાના ગુનાઓ અંગે જોગવાઈઓ

સોશ્યલ મીડીયા અને કાયદાકિય જોગવાઈઓ ડિજીટલ યુગમાં સોશ્યલ મીડીય એકબીજાથી ઘનિષ્ઠ રીતે જોડાયેલા છે. ભારત સરકાર સોશ્યલ મીડીયા પ્લેટ ફોર્મ માટે અલગ અલગ કાયદાઓ અને નિયમો દ્વારા નિયમન કરે છે જેથી ફેક ન્યૂઝ હેટ સ્પીચ, અનૈતિક સામગ્રીને ફેલાવતા રોકી શકાય.

આઈટી એકટની કલમ ૨૦૦૦ સોશ્યલ મીડીયા ઉપર રોક કરેલ કન્ટેન્ટ માટેની જવાબદારી નક્કિ કરે છે. કલમ ૬૬(અ) (જે હવે રદ કરેલ છે) અપમાનજનક મેસેજ મોકલતા રોકવા માટેનો કાયદો હતો. કલમ ૬૯(અ) મુજબ સરકારને વાંધાજનક વેબસાઈડ અથવા કન્ટેન્ટ બ્લોક કરવાનો અધિકાર આપે છે. યુધ્ધ સમયે ૨૦૦ વેબસાઈડ અને ઈન્સ્ટાગ્રામ રીલ આ રીતે સરકારે બ્લોક કરી જવાબદાર સામે પગલા ભરેલ છે. ઈન્ટરમીડીયા ગાઈડલાઈન ૨૦૨૧ મુજબ વોડસઅપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ કે એકસ જેવા પ્લેટ ફોર્મ માટે નિર્દેશો નક્કિ કરેલ છે. જે માટે ગ્રીવન્સ ઓફિસર રાખવા ફરજીયાત છે. જે લગત પ્રથમ વખાણ કરેલ મેસેજ શોધવાનો અધિકાર સરકારને મળે છે.

ભારતીય ન્યાય સંહિત એકટ ૨૦૨૩ જે જુલાઈ ૨૦૨૫ થી અમલમાં મુકાશે આ નવી કાયદા વ્યવસ્થામાં પણ સોશ્યલ મીડીયાથી જોડાયેલા ગુનાઓ માટે અલગ કલમો છે. ધ્રુણાજનક બાબતો પોસ્ટ કરવી. જાતિ આધારીત કે મહિલાઓ વિરૂધ્ધ કોમેન્ટસ પાસ કરવા અને ધાક ધમકી આપવા સામે કડક પગલા લેવાના નિયમો નક્કિ કરવામાં આવ્યા છે. જે લગત ફેક સ્પીચ, ધર્મ જાતિ કે ભાષા આધારીત વિમુમતા દર્શાવતી રીલ પોસ્ટ કરવી, ચાઈલ્ડ પોનોગ્રાફી દર્શાવવી કે શોષણને લગતી સામગ્રી પોસ્ટ કરવી મહિલાઓ વિરૂધ્ધની ટીપ્પણીઓ કરવી, આંતકવાદને પ્રોત્સાહન આપતા મેસેજ, રીલ મુકવા જે લગત પોલીસ ફરીયાદ ભોગ બનનાર કરી શકે છે. આઈટી એકટ મુજબ સાયબર ક્રાઈમ વિરૂધ્ધ ૧૯૩૦ નંબર ઉપર ફરીયાદ નોંધાવી કન્ટેન્ટ ડીલીટ કરાવી શકાય છે. વાયરલ કરનારના એકાઉન્ટ ડીલીટ કરાવી શકાય છે. બ્લોક કરાવી શકાય છે. જે ગુના બદલ દંડ અને જેલ બન્નેની જોગવાઈ છે.

ભોગ બનનારે તેની જાણ પોલીસને કરવી પડે છે તેમજ કાયદેસર રીતે રીવ્યુમાં જઈ કાર્યવાહી કરી શકાય છે. જો કોઈના વિરૂધ્ધ ખોટી ફરીયાદ કરે છે તો તેના સામે પણ કાયદેસર આ એકટ મુજબ પગલા ભરી શકાય છે.


બ્રિટીશ સમયના જુના કાયદાઓ ઈન્ડીયન પીનલ કોડ ૧૮૬૦ ને બદલી ભારતીય ન્યાય સંહિતા અમલમાં મુકાયેલ છે જે લોકલ ભાષામાં સરળ અને ન્યાય સંગત કાયદા બજાવવામાં આવ્યા છે જેનાથી ઝડપથી ન્યાય ટેકનોલોજીની સાથે રહી તેની સહાયથી મેળવી શકાશે.

કલમ ૬૯ મુજબ જો કોઈ સોશ્યલ મીડીયા દ્વારા અન્ય કોઈને દબાણમાં લ ગુનો કરાવે તો આવા ગુના આચારનારને કાયદેસર જેલ અને દંડની જોગવાઈ રહેલ છે.

કલમ ૧૧૩ મુજબ મહિલા સબંધે અપમાનજનક સોશ્યલ મીડીયા ઉપર વાયરલ કરી શારીરિક ટીકા કે ફેક ફોટા શેર કરવા ગુનો બને છે. કલમ ૧૨૧ મુજબ કોઈપણ વ્યક્તિને સમુદાયને ધર્મ, જાતિ આધારીત હિંસા માટે ઉશ્કેરણી કરવી, હિંસા માટેના મેસેજ વાયરલ કરવા ગુનો બને છે. કલમ ૧૯૮ મુજબ સાયબર ફેક આચરવા નકલી આઈડી બનાવી સાયબર ફ્રોડ આચરવા મેસેજ કરવો લોકોના ચિત્ર કે વીડીયો એડિટ કરી શેર કરવા ગુનો બને છે.

આવા પ્રકારના ગુના માટે ૩ થી ૭ વર્ષની જેલની અને ૫૦૦૦૦ સુધીના દંડની જોગવાઈ છે. આવા ગુના સીધા પોલીસ સ્ટેશનમાં નોધાવી શકાય છે. કાયદેસર રીતે કાર્યવાહી કરવા વકીલ મારફતે કોર્ટમાં ફરીયાદ કરી શકાય છે. ગુનાની ઓનલાઈન ફરીયાદ પણ દાખલ કરી શકાય છે. ચાઈલ્ડ પોર્નોગ્રાફી માટે આઈટી એકટની કલમ ૬૭(બ) મુજબ ૫ થી ૭ વર્ષની જેલ તથા દંડની ૧૦ લાખ સુધીની જોગવાઈ છે કોઈપણ વ્યક્તિને ધાક ધમકી આપી બ્લેક મેઈલ કરવાના બીએનએસ એકટની કલમ ૬૯(અ) કલમ ૬૬(અ) ૧ થી ૫ વર્ષની સજા તથા ૧ લાખ દંડ થઈ શકે છે. કોઈપણ વ્યક્તિનું સોશ્યલ મીડીયા એકાઉન્ટ હેક કરી ખોટા મેસેજ તેના નામથી કરવા બદલ આઈટી એકટની કલમ ૬૬ મુજબ ગુનો ગણી ૩ વર્ષની જેલ અને દંડ બન્ને થઈ શકે છે. ડીઝીટલ ફ્રોડમાં બીએનએસ એકટની કલમ ૩૧૪ મુજબ સાયબર ફ્રોડ ગણી ૫ વર્ષની જેલ તથા દંડની જોગવાઈ છે. જેમ કે લોકોના ઓટીપી ચોરી કરી છેતરપીંડી આચરવી જેવા ગુના કરવા જે લગત કોર્ટ ગુનાની ગંભીરતા ગણી સજા અને દંડ બન્ને કરી શકે છે. હવેથી સાયબર ફ્રોડ આચરવો એ બીએનએસ એકટ મુજબ ગુનો ગણાશે જે જુનો આઈટી એકટની કલમ લાગુ કરી સજા કરવામાં આવતી ૩ થી ૭ વર્ષ સુધીની નવા કાયદામાં સજા અને દંડ બન્નેની જોગવાઈ કરવામાં આવેલ છે. જેથી ગુનાની સંખ્યામાં ઘટાડો થયો છે.

## કાયદાની કલમ



લેખક: ડો. અશ્વિન વી. ત્રિવેદી
(એડવોકેટ, નોટરી અને સ્પે. પી.પી.)

# એક લોકકથા મુજબ ભારતીય સ્ત્રી સંતરત્ન ચૌધરી પરિવાર ની કરમાબાઈ ના હાથનો ખિચડો ગ્રહણ કરનાર પ્રભુ જગન્નાથ માટે આજે પણ પ્રસાદ માટે ખિચડો ધરાવાય છે!!!!

(અંક નંબર ૩૭૮)

જય રણછોડ માખણ ચોર ભગવાન જગન્નાથને માટે આ નારો ઠેર ઠેર સાંભળવા મળ્યો,જગન્નાથ મહારાજની પહિન્દ વિધિ અને રથયાત્રા



ની શરૂઆતની બાબત ખૂબ જ અગત્યની હોય છે. જય જગન્નાથ સાથે અમદાવાદનો આખો ઈતિહાસ રથયાત્રા સાથે જોડાઈ જતો હોય છે.

આખું અમદાવાદ હિલોળે ચડાવતી રથયાત્રા આ વખતે થોડી સાદગી ભરી હતી કારણ કે અમદાવાદની અંદર વિમાન હાદસો જે થયેલો જેના કારણે થોડોક ઉત્સાહ ઓછો પણ જોવા મળ્યો. ત્રણેય ભગવાન રથમાં સવાર થઈ અને જ્યારે નગરયાત્રાએ નીકળતા હોય ત્યારે એમના દર્શન કરવાનો લાવો જેને મળે એ ભાગ્યશાળી ગણાય છે.આ વખતે અધત્તન ટેકનોલોજી AI નો ઉપયોગ કરવામાં આવ્યો તથા ડ્રોન સર્વેલન્સ દ્વારા સમગ્ર રથયાત્રાનું નિરીક્ષણ કરવામાં આવ્યું. અષાઢી બીજ નું પાવન પર્વ દેશની સૌથી લાંબી રથયાત્રા અમદાવાદ નગરની યાત્રાએ નીકળ્યા ભગવાન એક અનેરો ઉત્સવ અને અનોખા દ્રશ્યો,

મિત્રો, ભગવાન જગન્નાથની નગરયાત્રા અમદાવાદની અંદર દર વર્ષે યોજાય છે જે સમગ્ર ભારતની સૌથી લાંબી યાત્રા ગણાય છે. આ યાત્રા ની સૌથી આંખે ઊડીને વળગે તેવી વાત હોય તો તે છે કે લગભગ અઢી લાખ લોકોને સમગ્ર દિવસ દરમિયાન જુદા જુદા વ્યંજનો રૂપે પ્રસાદ આપવામાં આવે છે લોકોને જમાડવામાં આવે છે મગ અને જાંબુના ફળ એ વિશિષ્ટ પ્રસાદ ગણાય છે પરંતુ આપ સૌને જણાવુ તો સૌથી ભગવાન માટેનો વિશિષ્ટ પ્રસાદ એટલે ખીચડો આ ખીચડાનું મહત્વ શું છે એની વાત આપણે આજના લેખમાં કરીશું

કરમાબાઈ એ બનાવેલી ખીચડી જમવા પ્રભુ ધરતી પર આવ્યા હોવાની આ વાત છે .

સતરમી સદીના પૂર્વાર્ધમાં રાજસ્થાનના નાગોર જિલ્લાના મકરાના તાલુકાના કાલવા ગામમાં ખેડૂત ચૌધરી પરિવારમાં એક ભારતીય સ્ત્રી સંતરત્ન એવાં કરમાબાઈનો જન્મ થયો. પિતાનું નામ જીવણરામ ડુડી અને માતાનું નામ રતનીદેવી.

કરમાબાઈનાં માતા-પિતા બન્ને ખુબ ધાર્મિક અને કૃષ્ણ ભક્ત. ઘરમાં નાનકડું મંદિરીયું અને એમાં નાનકડી કૃષ્ણ પ્રતિમા. સવાર સાંજ પૂજન અર્ચન થાય. નાનકડી કરમા આ બધું જુએ. દરરોજ સાંજે માતા-પિતા ભગવાન કૃષ્ણને ખીચડો (ખીચડી)ધરાવીને આડો પરદો કરે ને થોડીવાર પછી પરદો હટાવી લે. ભગવાનને જમાડીને જ પછી જમવાનો આ ભલાં ભોળાં દંપતિનો નિત્યક્રમ. નાનકડી કરમા કાલીઘેલી ભાષામાં માબાપને પુછે, આ લુગડું કેમ આડું રાખો છો?

જો બેટા! ‘આ જમતી વખતે લાલાને શરમ ના લાગે આપણા કોઈની નજર ના લાગે એટલેપ’ મા સરળ ભાષામાં જવાબ આપે.

કરમાં આઠેક વર્ષની થઈ ત્યારે માતા-પિતાએ જાત્રા કરવાનું નક્કી કર્યું. કરમાંને એના કાકા કાકીને સંભાળ રાખવાનું સોંપાયું. યાત્રાએ જતાં પહેલાં મા એ કરમાને કહ્યું, ‘જો બેટા કરમા, આ ભગવાનને ખીચડો જમાડીને જ જમજે હો’

એ તો કેમ ભુલું મા! કરમાએ ઉત્સાહિત ચહેરે જવાબ આપ્યો. મા બાપ જાત્રાએ નિકળી ગયાં.

બપોરે કાકીએ કરમાને હેતથી જમાડી. સાંજ પડી.

કરમા સાંજની રાહ જોઈને જ તો બેઠી હતી ! એને તો આજ પહેલીવાર પોતાની જાતે રાંધેલો ખીચડો કાનાને જમાડવો હતો! ભલે બીજું રાંધણું ના આવડે પરંતુ જાતે ખીચડો બનાવી શકે એટલી ઉમરની તો હતી જ.

દોણીમાં ખીચડો રાંધીને દરરોજનું જે પ્રસાદ માટેનું પાત્ર હતું એમાં ખીચડો કાઢી ઘી થી લથબથ કરી ચોળીને થોડો ઠરવા દઈ ધરી દીધો મારા નાથની આગળ!

દિવો પ્રગટાવ્યો ને રાહ જોઈને બેઠી કરમાં. ક્યારે ખાશે લાલો! વળી કંઈક યાદ આવ્યું એટલે ઉભી થઈ ને કૃષ્ણ ભગવાનની મૂર્તિ આગળ પોતાની ઘાઘરીનો પરદો બનાવીને આડું જોઈને થોડો સમય ઉભી રહી. કુતૂહલવશ થોડીવાર રહીને પાત્ર સામું જોયું. ખીચડો તો જેમનો તેમ પડ્યો હતો.

નાનકડી કરમા એના ખ્યાલ મૂજબ વિચારવા લાગી, ’’શું લાલાને ભૂખ નહિ હોય? શું લાલો રીસાયો હશે કે પછી મારો રાંધેલો ખીચડો એને ભાવતો નહિ હોય? કાલીઘેલી ભાષામાં કાલાવાલા કરવા લાગી. અરે જમો લાલા! જો ખીચડો ઠરી જશે.

કાકીનો સાદ પડ્યો ચાલ બેટા કરમા, ખાવાનું થઈ ગયું છે. કાકી આ લાલો ખીચડો ખાતો નથી, કઈ રીતે આવું? કરમાએ નિર્દોષતાથી કહ્યું.

કાકીએ ઓરડામાં આવીને બધું જોયું. કરમાંના માથા પર હાથ મુકીને કહ્યું જો બેટા, ભગવાન ખીચડો હાથેથી ના જમે. આ ખીચડાનો પ્રસાદ મૂર્તિ આગળ ધરાવીએ એટલે ભગવાને ખાઈ લીધો ગણાય.

પણ માને એ બીજાં! નાપ મારા બાપુ અને મા ખોટું કહે જ નઈ! એમણે કહ્યું હતું કે જમાડીને પછી જમજે. લાલો જમતો હશે તો જ એવું કહે ને! કરમાં એક ની બે ના થઈ.

કાકીએ ખુબ સમજાવી. છેવટે કરમાના કાકા ખેતરેથી ઘેર આવ્યા એમને બોલાવીને કરમાને સમજાવવાના પ્રયત્નો થયા પરંતુ બધું વ્યર્થ. કાકા કાકી પણ અવઢવમાં મુકાયાં કે હવે શું કરવું?

છેવટે ઘરની આગળ કાકા ખાટલો ઢાળીને સુઈ રહ્યા. કરમા આખી રાત મંદિરીયા સામે બેસી રહી. સવારે ફરી પ્રયત્ન થયા પરંતુ કોઈ પરિણામ નહીં. આખરે પરિવારના પાંચેક ભાઈઓને કરમાના માબાપની શોધ માટે મોકલ્યા. પશુઓ પર અને પગપાળા મુસાફરીના સમયમાં કોઈ ભાળ ના મળતાં ભાઈઓ પણ પરત આવ્યા.

કરમાની તો એક જ પ્રવૃત્તિ. થોડા સમયે પાત્ર સામે જુએ ને કાલાવાલા કરે, ઘાઘરી આડી કરીને ઉભી રહે. જો લાલા, હવે તો મનેય બહું ભુખ લાગી છે. તને ભુખ નથી લાગતી કે શું? આડોશી પાડોશી, ભાઈ ભાંડું પણ કરમાને સમજાવે પણ કરમાની હઠ આગળ બધું નકામું.

સ્ત્રી હઠ, રાજ હઠ, યોગી હઠ અને આ બાળ હઠપ. આ હઠમાં ત્રણ ત્રણ દિવસનાં વહાણાં વાઈ ગયાં. વૈકુંઠમાં અલૌકિક ઉજાસ પથરાયો. લક્ષ્મીજીએ ભગવાન વિષ્ણુને પુછ્યું, ‘શું થયું આ પ્રભુ!’

ભગવાન વિષ્ણુએ પોતાના જમણા હાથની હથેળી બતાવીને લક્ષ્મીજીને કહ્યું, ‘જુઓ દેવી, આ નાનકડી બાળકીનું તપોબળ! ત્રણ ત્રણ દિવસથી મને જમાડવાની હઠ પકડીને બેઠી છે.’ ‘કોણ છે પ્રભુ બાળકી?’ -લક્ષ્મીજીએ સહાશ્ચર્ય પુછ્યું.

‘ભારત ભૂમિ પર રાજસ્થાન પ્રદેશના નાનકડા ગામની ખેડૂત પરિવારની દિકરી છે. આજે એની હઠ પુરી કરવી પડશે નહિતર ભુખથી પોતાનો જીવ ગુમાવશે.’

ભગવાન વિષ્ણુએ ભારત ભૂમિ પર પ્રયાણ કર્યુ. કરમાના ઘરમાં રહેલ એ નાનકડી પ્રતિમામાં વાસ કરીને લાંબો હાથ કરી પ્રભુ ત્રણ દિવસનો વાસી ખીચડો આરોગી ગયા.

કરમાંની અચાનક નજર પ્રસાદના પાત્ર પર પડી. આનંદથી ઉછળી પડી. ત્રણ દિવસની ભુખ તો મારા વ્હાલાએ મટાડી દીધી હતી. ચિચિયારીઓ પાડીને જોર જોરથી બોલવા લાગી, ‘લાલો ખીચડો ખાઈ ગયા, કાનો ખીચડો ખાઈ ગયાપ..’

કાકી અને આડોશી પાડોશી ભેગાં થઈ ગયાં, ખાલી પાત્ર જોયું. સૌના મોંઢે એક જ વાત પણ કેવી! ભૂખ સહન ના થતાં કરમાં ત્રણ દિવસનો વાસી ખીચડો ખાઈ ગઈ છે, ક્યાંય માંદી ના પડે તો સારું! નહિતર એના મા બાપને શું જવાબ આપશું? હેમખેમ રાત વીતી ગઈ સવાર થયું. સૌને હાશકારો થયો, ચાલો માંદી તો નથી પડી!

બીજી સાંજ પડી. ખીચડો મુકાયો. ઘાઘરીનો પરદો થયો. આજેય ખીચડો ખવાયો. એ જ ચિચિયારીઓ અને હર્ષનાદ કરમાંનો. લાલો ખીચડો ખાઈ ગયા! કાનો ખીચડો ખાઈ ગયા. સૌને શંકા તો હતી જ ને હવે તેના પર છાપ મરાઈપ. કરમા ગાંડી થઈ ગઈ.

આખા ગામમાં કરમાના મા બાપ પર ટીકાઓનો વરસાદ શરુ થઈ ગયો. આવી જાત્રા શું કામની? આવી ભક્તિ શું કામની? નક્કી આ બધું જગતને ખાલી ખાલી બતાડવા જ કરતા લાગે છે, નહિતર દિકરી ગાંડી ના થાય!

વીસેક દિવસે કરમાનાં મા બાપ પરત ફર્યાં. ગામને સિમાડે આવતાં જ સમાચાર મળી ગયા કે તમારી દીકરી કરમા ગાંડી થઈ ગઈ છે, તમારા ગયાના ચોથા જ દિવસે.

તમારી પાછળ માણસો પણ આવ્યા હતા પરંતુ તમારી કોઈ ભાળ મળી નહોતી.

જાણે દુ:ખનો ડુંગર તુટી પડ્યો કરમાનાં મા બાપ પર. સિમાડે હોવા છતાં ઘર વિદેશ થઈ પડ્યું. દિકરી ગાંડી થઈ ગઈ! એ પણ ભગવાનની જાત્રાના સમે?

દોટ મુકી દંપતિએ. જેમ તેમ કરી ઘેર આવ્યાં. માતા રતની દેવીએ ખોળામાં લીધી કરમાને.

શું થયું છે બેટા તને? એમ કહીને રોઈ પડ્યાં.

કરમાના મૂખ પરના ભાવ તો અલૌકિક હતા. હસતાં હસતાં બોલી, તું રોવે છે કેમ? હું તો આનંદમાં છું. તમે તો ગયાં જાત્રાએ લાલાને જમાડવાનું કહીને. પહેલાં તો ત્રણ દિવસ મને હેરાન કરી. ખીચડો જમે જ નહીં પરંતુ પછી તો મુક્યો નથી કે તરત પુરો.

આ વાત કોને ગળે ઉતરે! મા બાપે પણ નક્કી કરી લીધું કે દિકરી ગાંડી થઈ ગઈ એ નક્કી!!!

ચોધાર આંસુએ રોઈ પડ્યાં બન્ને.

આડોશી પાડોશી સાંજ સુધી ખબર પુછતાં રહ્યાં. મા બાપનું દર્દ પરાકાષ્ઠાએ પહોચ્યું.

સાંજ પડતાં જ કરમા હર્ષભેર બોલી, ‘મા! ખીચડો બનાવ જલ્દી. આજે જમાડી લઉં લાલાને, કાલથી તમે જમાડજો.’ મા બાપને તો આમેય કરમાનું ગાંડપણ નક્કી કરવા માટે આ જરુરી હતું જ!

ખીચડો રંધાઈ ગયો.

ઘી નાખીને ચોળાઈ ગયોને લાલાના પાત્રમાં પિરસાઈ પણ ગયો. કરમાંનાં માતા-પિતા ઓરડાની બહાર જાળીમાંથી જોઈ રહ્યાં છે.

દિવો પ્રગટાવીને કરમા લાલાના મંદિરીયે ઘાઘરીનો પરદો આડો કરીને આડું જોઈ ઉભી રહી. થોડીવાર થઈ. કરમાં આઘી ખસી.

કરમાંનાં મા બાપે નજરો નજર જોયું. જગતે સાંભળ્યું

કરમાબાઈ તો પ્રભુમય બની ગયાં

આજેય પણ ભગવાન જગન્નાથ ને ધનુર્માસ માં ખીચડા નો જ પ્રસાદ ધરાવાય છે.

આ કથાનું પ્રમાણ એટલે આ ભકત દિકરી ના નામે કરમાબાઈ નું તળાવ આજે પણ શામળાજીમાં છે... રામે... રામ.

### મેનેજિંગ તંત્રી



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ
ગાંધીનગર.ગુજરાત.

# હિંમતનગરના ગ્રામ્યમાં પ્રવેશોત્સવ યોજાયો



નારણ પ્રજાપતિ - સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર તાલુકાની શાળા શ્રી ખેડ આદર્શ પ્રાથમિક શાળા નો કન્યા કેળવણી અને શાળા પ્રવેશ મહોત્સવ ૨૦૨૫ ની ઉજવણી શ્રી ખેડ માધ્યમિક શાળાના પટાંગણ માં કરવામાં આવી. કાર્યક્રમ માં શ્રી અન્વેષણ અધિકારી સાબરકાંઠા શ્રી દિશાંત આર. પંચાલ સાહેબ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અન્ય મહાનુભાવો સી.આર.સી સાહેબ, ગામના સરપંચ પ્રથમ નાગરિક બહેનશ્રી સોનલબેન , પટેલ રામાભાઈ,માજી સરપંચ શ્રી પટેલ મૂળજીભાઈ ,એસએમસી અધ્યક્ષ એવા પટેલ ધવલભાઈ તેમજ એસએમસી ના તમામ સભ્યો તેમજ ગામમાંથી શાળામાં અભ્યાસ કરતા બાળકોના વાલી મિત્રો ઉપસ્થિત રહ્યા. આંગણવાડી, બાલવાટિકા ,ધોરણ ૧ ,તેમજ સાથે ખેડ કંપા પ્રાથમિક શાળાના બાળકો, તેમજ ધોરણ નવ માં પ્રવેશ પામનાર ખેડ માધ્યમિક શાળાના બાળકોને પણ કુમકુમ તિલક કરી શાળા પ્રવેશ અપાવ્યો. તેમજ ગામના દાતા એવા પ્રજાપતિ કુલદીપભાઈ તરફથી શાળામાં પ્રવેશ લેનાર તમામ બાળ દેવોને સ્કુલ બેગ ની ભેટ આપી કાર્યક્રમને રૂડો બનાવ્યો હતો.-અખંડ ભારત

# મહેસાણા દૂધ સંઘના ચેરમેને પોલીસ ફરિયાદ નોંધાવી

સુનિલભાઈ -મહેસાણા દૂધ સંઘના ચેરમેન અશોક ચૌધરી સામે વાઈસ ચેરમેન યોગેશ પટેલે પોલીસ ફરિયાદ નોંધાવી ! મહેસાણા દૂધસાગર ડેરીની બોર્ડ મિટિંગમાં હોબાળો ચેરમેન અશોક ચૌધરી એ વાઈસ ચેરમેનને લાફો માર્યો હોવાનો આક્ષેપ વાઈસ ચેરમેન યોગેશ પટેલ અને તેમનું જૂથ બી ડિવિઝન પોલીસ સ્ટેશન પહોંચ્યું. ચેરમેન અશોકભાઈ ચૌધરી સામે ફરિયાદ માટે પહોંચ્યા વાઈસ ચેરમેન યોગેશ પટેલ.યોગેશ પટેલ સાથે ડિરેકટર કનુભાઈ ચૌધરી અને ડિરેકટર એલ કે પટેલ પણ ફરિયાદ માટે પહોંચ્યા પ્રશ્ન પૂછતાં ચેરમેન એ ઉશ્કેરાઈ લાફો માર્યો હોવાનો આરોપ ભાજપના મેન્ડેડ થી બન્યા છે. ચેરમેન અને વાઈસ ચેરમેન-અખંડ ભારત

# અલુવામાં અષાઢી બીજે નેજા ચઢાવાયા



વનરાજ - ગાંધીનગર જિલ્લાના અલુવા ગામ ખાતે આવેલ રામદેવપીરના મંદિરે આજે અષાઢી બીજ નિમિત્તે ભાવિક ભક્તોએ નેજા ચઢાવી બારબીજ ના ધણી રામદેવપીર ભગવાનના દર્શન અને પ્રસાદીનો લાભ લઈ ધન્ય બન્યા હતા..-અખંડ ભારત

# બાયડના ગ્રામ્યમાં પ્રવેશોત્સવ યોજાયો



ત્રિલોક પંડ્યા - બાયડ તાલુકા ની ખાતે આવેલ બોરલ આર. વી પટેલ હાઈસ્કૂલ તેમજ ગેદાલજી ના મુવાડા માં શાળામાં પ્રવેશ ઉત્સવ તથા કેળવણી મહોત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી શાળા પ્રવેશોત્સવ માં અરવલ્લી જિલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓ યુવરાજસિંહ ચોહાણ તેમજ કોર્ડિનેટર સોહિલભાઈ પટેલ , શાળા ના આચર્યા તેમજ શાળાના કર્મચારીઓ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા બોરલ સ્કૂલ તેમજ ગેદાલજી ના આગેવાનો ઉપસ્થિતિ રહ્યા હતા. શાળાના બાળકોને પાઠય પુસ્તક આપ્યા હતા-અખંડ ભારત

# દામા ગામે પ્રવેશોત્સવ યોજાયો



રમેશ દેસાઇ - ડીસા તાલુકાના દામા ગામે કન્યા કેળવણી તેમજ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં ડીસા તાલુકાના નાયબ કલેકટર શ્રી નેહાબેન પંચાલ, દામા ગામના સરપંચ ઈશ્વરભાઈ તેમજ ગામના યુવાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી શરૂઆત કરવામાં આવી હતી. ત્યાર બાદ સરપંચ શ્રી ઈશ્વરભાઈ દ્વારા નેહાબેન પંચાલનું પુષ્પ આપી સન્માન કરવામાં આવ્યું હતું. દામા પ્રાથમિક શાળા ના શિક્ષકો દ્વારા પધારેલ મહેમાનો નુ પુષ્પ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ નાના ભૂલકાઓને શાળા પ્રવેશોત્સવ કરાવી કીટ વિતરણ કરવામાં આવી હતી . તેમજ શાળા ના તેજસ્વી તારલા તાલુકા અને જીલ્લા મા પાસ થયેલા વિધાર્થીઓ ને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ ને અંતે કલેક્ટર શ્રી, ગામના સરપંચશ્રી તેમજ આગેવાનો દ્વારા વૃક્ષારોપણ કરી કાર્યક્રમ ની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.-અખંડ ભારત

# દશલા પ્રા.શાળામાં ઓરડાનું લોકાર્પણ કરાયું



નારણ પ્રજાપતિ - દાહોદ તાલુકામાં આવેલ દશલા ગામની દશલા મુખ્ય પ્રાથમિક શાળામાં તાલુકા વિકાસ અધિકારી શ્રી અતુલભાઈ રાઠવા સાહેબશ્રી તેમજ જિલ્લા પંચાયતના સભ્યશ્રી જીથરાભાઈ ડામોર ની આગેવાની હેઠળ શાળા પ્રવેશોત્સવ અને નવીન પાંચ ઓરડાની બિલ્ડીંગ નું ઉદઘાટન કરવામાં આવ્યું.

જેમાં તાલુકા પંચાયતના સભ્ય શ્રી બદીયાભાઈ પરમાર, ગામના સરપંચ તેમજ ડેપ્યુટી સરપંચ સહિત ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા. આવેલ મહેમાનો સહિત શાળાના શિક્ષકો અને આંગણવાડીના કર્મચારીઓ દ્વારા આંગણવાડી બાલવાટિકા તથા ધોરણ ૧ ના બાળકો નો શાળામાં પ્રવેશ કરાવવામાં આવ્યો. તેમજ ગામના દાતા એવા સરપંચ શ્રી દ્વારા પ્રવેશ પામેલ તમામ બાળકોને દફ્તર ભેટ આપવામાં આવી હતી.-અખંડ ભારત

# થોરી મુબારક પ્રા.શાળામાં બાળ સંસદ યોજાઈ



મિસ્ત્રી કિર્તિ - થોરી મુબારક પ્રાથમિક શાળા વિરમગામ મેજિક બસ ઈન્ડિયા ફાઉન્ડેશન, NHKP પ્રોજેક્ટ દ્વારા બાળ સંસદની રચનાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોને મોબાઈલમાં EVM થી મતદાન કર્યું હતું.આ બાલ સંસદમાં ધોરણ ૫ થી ૮ ના છોકરાઓ અને છોકરીઓ, શાળાના આચાર્યશ્રી અને શિક્ષકો, અને મેજિક બસ ના યુથ મેન્ટર ચિહોલિયા શૈલેષ, રાહુલ વાટીયા, પટેલ વિષ્ણુ અને TMO ઉષાબેન એ ઉત્સાહભેર ભાગ લીધો હતો

-અખંડ ભારત

# ગરુડેશ્વરમાં પ્રવેશોત્સવ યોજાયો



રાહુલ તડવી - નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના કડી મકવાણામાં પ્રાથમિક શાળામાં પ્રવેશ ઉત્સવ અંતર્ગત નાના બાળકોને પ્રવેશ આપી વૃક્ષારોપણ કરાયું હતું.-અખંડ ભારત

# બાયડ ના પ્રાંત અધિકારીએ શાળા પ્રવેશોત્સવ મુલાકાત લીધી



ત્રિલોક પંડ્યા -શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ' કાર્યક્રમ અંતર્ગત આમોદરા તથા નાથાનામુવાડા, બોરડી , પ્રાથમિક શાળા માં પ્રાત અધિકારી મુલાકાત લીધી હતી તેમજ બાળકો ને બૂક, પેન્સિલ, ચોપડા આપી ને બાળકોને પ્રોત્સાહિત કર્યા તેમજ વૃક્ષ રોપણ કર્યુ.હતું'સૌ ભણે, સૌ આગળ વધે' 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ' કાર્યક્રમ અંતર્ગત બોરડી પ્રાથમિક શાળા ખાતે બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.-અખંડ ભારત

# વિરમગામમાં રથયાત્રા યોજાઈ



ધાર્મિક પંચાલ - વિરમગામ ખાતે આનંદ મંદિર શાળાના સ્થાપના દિવસ નિમિતે ૬૬ મી રથયાત્રા આનંદ મંદિર શાળાનો સ્થાપના દિવસ આ વર્ષે ભવ્ય અને ધાર્મિક માહોલમાં ઉજવાયો હતો. શાળાની સ્થાપનાના ૬૬ વર્ષ પૂર્ણ થવાના અવસરે ધામધૂમથી રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ ૬૬મી રથયાત્રા દરમિયાન ભગવાન શ્રી જગન્નાથજી, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજીના વિઘ્નવિનાશક રથને સુંદર રીતે શણગારવામાં આવ્યું. યાત્રાની શરૂઆત પૂજન અને આરતી સાથે કરવામાં આવી. શાળાના મુખ્ય અધિકારીઓ, શિક્ષકો અને વાલીઓની ઉપસ્થિતિમાં ભક્તિમય માહોલ સર્જાયો.વિદ્યાર્થીઓએ રથ સાથે મિણી ઝાંખીઓ તૈયાર કરી હતી, જેમાં સંસ્કૃતિ અને ધર્મના વિવિધ પાસાંઓ, વેશભૂષા, ગરબા, દાંડિયા રાસ જેવી અનેક પ્રવૃતિઓ રજૂ કરવામાં આવી હતી. સાથે ''જય જગન્નાથ''ના ઘોષથી આખું શાળાપરિસર ગૂંજ્યું હતું. યાત્રા શાળા પરિસર તેમજ નજીકના વિસ્તારોમાં ફેરવાઈ.માર્ગમાં ઠેર-ઠેર પાણી અને પ્રસાદ વિતરણનું આયોજન કરવામાં આવી રહ્યું હતું. સમગ્ર યાત્રા દરમિયાન શિસ્ત અને ભક્તિનું એક ઉત્તમ પ્રતિક જોવા મળ્યું. આ યાદગાર ૬૬મી રથયાત્રા અને શાળાના સ્થાપના દિવસની ઉજવણીને સૌએ ખૂબ આનંદપૂર્વક માણી. વિદ્યાર્થીઓમાં ધાર્મિક જાગૃતિ સાથે સાથે સંગઠન અને સહકારની ભાવનાનો પણ વિકાસ થયો.-અખંડ ભારત

# સિંગવડ તાલુકાની વિવિધ શાળાઓ ખાતે પ્રવેશોત્સવ યોજાયો



હસમુખ પ્રજાપતિ- સિંગવડ તાલુકાની વિવિધ શાળાઓ ખાતે કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને શાળા પ્રવેશોત્સવ યોજાયોબાળકોને સમયસર અને દરરોજ શાળાએ મોકલવાની પ્રાથમિક જવાબદારી માતાપિતાની છે, શાળાનો તમામ ખર્ચ સહિત અભ્યાસને લગતી સુવિધાઓ પૂરી પાડવાનું કાર્ય સરકાર કરી રહી છે.-કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેકન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫ ના બીજા દિવસે દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકામાં આવેલ વિવિધ શાળાઓમાં કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેએ બાળકોનું શાળામાં નામાંકન કરાવ્યું હતું.શાળા પ્રવેશોત્સવના બીજા દિવસે સિંગવડ તાલુકામાં આવેલ પી.એમ.શ્રી ચુંદડી પ્રાથમિક શાળા તેમજ વાલગોટા પ્રાથમિક શાળા ખાતે કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેએ ઉપસ્થિત રહીને ભૂલકાંઓને ચોકલેટ, શૈક્ષણિક કીટ અને બેગ આપીને શાળામાં આવકારી, બાળકોનું શાળામાં નામાંકન કરાવીને તેમની શિક્ષણ યાત્રાનો શુભારંભ કરાવ્યો હતો. કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, બાળકોને સમયસર અને દરરોજ શાળાએ મોકલવાની પ્રાથમિક જવાબદારી માતાપિતાની છે, શાળાનો તમામ ખર્ચ સહિત અભ્યાસને લગતી સુવિધાઓ પૂરી પાડવાનું કાર્ય સરકાર કરી રહી છે. તેમણે નવનામાંકિત બાળકો અને વાલીઓને અભિનંદન પાઠવ્યા હતા.આ કાર્યક્રમ દરમિયાન શાળાના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળા પ્રાંગણમાં કલેક્ટરશ્રી યોગેશ નિરગુડે સહિત ઉપસ્થિત અન્ય મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યકમમાં શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકગણ, ગામના સરપંચ સહિતના પદાધિકારીઓ, વાલીઓ, આંગણવાડી બહેનો, ગામના આગેવાનો, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો તેમજ નાનકડાં ભૂલકાઓ ઉપસ્થિત રહ્યા હતા

# ઝઘડીયા અને રાજપારડીના ગ્રામ્યમાં પ્રવેશોત્સવ ઉજવાયો



પરેશ પ્રજાપતિ : ઝઘડિયા તાલુકાની અવિધા પ્રાથમિક શાળા તથા રાજપારડી તાલુકાની કન્યા પ્રાથમિક શાળા અને રાજપારડી માધ્યમિક શાળા ખાતે બાળકોના ઉજ્જવળ ભવિષ્યનો પાયો રોપવા પ્રવેશોત્સવ યોજાયો આ પ્રસંગે ઉપસ્થિત સૌને જણાવ્યું કે, ગામડાઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ આવે અને ડ્રોપ આઉટ રેશિયો જે તે સમયે ઘટાડવાં માટે હાલના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ના કાર્યક્રમનો શુભારંભ કર્યો. આપણા માનનીય વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન પૂર્વ મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા શિક્ષણને સાર્વત્રિક બનાવવા શરૂ કરવામાં આવેલ 'કન્યા કેળવણી મહોત્સવ' અને 'શાળા પ્રવેશોત્સવ' અંતર્ગત ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાની અવિધા પ્રાથમિક શાળા તથા રાજપારડી તાલુકાની કન્યા પ્રાથમિક શાળા અને રાજપારડી માધ્યમિક શાળા ખાતે બાળકોના ઉજ્જવળ ભવિષ્યનો પાયો રોપવા પ્રવેશોત્સવ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો.આ પ્રસંગે મુખ્ય અતિથી તરીકે સંસદ શ્રી મનસુખભાઈ વસાવા સાહેબ ઉપસ્થિત રહી સૌને જણાવ્યું કે, ગામડાઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ આવે અને ડ્રોપ આઉટ રેશિયો જે તે સમયે ઘટાડવાં માટે હાલના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ના કાર્યક્રમનો શુભારંભ કર્યો. આ કાર્યક્રમ થકી લોકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતતા આવી અને ડ્રોપ આઉટ રેશિયો પણ ઘટી ગયો અને આજે લગભગ ૧૦૦% વિદ્યાર્થીઓના નામાંકન થાય છે. સમગ્ર ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે નવી ક્રાંતિ આવી છે અને કન્યા કેળવણી ના કારણે દિકરીઓ ભણી ગણીને અલગ અલગ જગ્યા એ ટીચર, નર્સ, પોલીસ, ફોરેસ્ટ વિભાગમાં યોગ્ય શિક્ષણ પ્રાપ્ત કરીને નોકરી મેળવે છે. ઉપસ્થિત વાલીઓને જણાવ્યું કે, શિક્ષણનું સ્તર હજુ પણ ઊંચું આવે એ માટે બાળકો પર પૂરતું ધ્યાન આપવામાં આવે. આપણા પ્રધાનમંત્રી ભારતને સમૃધ્ધ રાષ્ટ્ર બનાવવા માટે આગળ વધી રહ્યા છે તો તેના માટે શિક્ષણ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. આપણા બાળકોને સરળતા થી નોકરીઓ મળી રહે તેવું ઉચ્ચ ગુણવત્તાવાળું અને વ્યવસાયલક્ષી શિક્ષણ તરફ ધ્યાન આપી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.-અખંડ ભારત

# બાંડીબારમાં પ્રવેશોત્સવ યોજાયો





હસમુખ પ્રજાપતિ

લીમખેડા તાલુકાના મોટી બાંડીબાર પ્રાથમિક શાળા ખાતે-ICDS -પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી ઈરાબેન ચૌહાણના અધ્યક્ષ સ્થાને કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્વ મહોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી નાના ભૂલકાઓને કુમકુમ તિલક કરી શૈક્ષણિક કીટ આપી પ્રવેશ કરાવ્યો હતો એમાં આંગણવાડી તથા બાલવાટિકા ના ૧૮ અને ધોરણ ૧ ના ૩૨ મળી કુલ ૫૦ બાળકોને પ્રવેશ અપાવ્યો હતો. કાર્યક્રમમાં ધોરણ ૩ થી ૮ માં ગત વર્ષમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓનું તથા (CET ) માં પાસ થયેલ વિદ્યાર્થીઓનુ સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જયદીપભાઈ ધીંગા તરફથી બાલવાટિકા અને ધોરણ એક માં પ્રવેશ લેનાર બાળકોને સ્કુલ બેગ તથા પ્રજાપતિ ભાવનાબેન હસમુખભાઈ તરફથી પાણીની બોટલો આપવામાં આવી હતી આ દાતાઓનું ઉપસ્થિત પ્રોગ્રામ ઓફિસર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળા પરિસરમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યુ હતુ આ પ્રસંગે મોટી બાંડીબાર ગામના સરપંચ મિતલબેન લબાના તથા એસ એમ સી અધ્યક્ષ પ્રાથમિક શાળા ના આચાર્ય કેળવણી મંડળના પ્રમુખ આદિવાસી આશ્રમશાળા ના પ્રમુખ આંગણવાડી કાર્યકરો તથા મોટી બાંડીબાર ક્લસ્ટર ના સી આર સી તથા નાના ભૂલકાઓ તથા ગામમાંથી મોટી સંખ્યામાં વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા-અખંડ ભારત

# જૂનાગઢમાં સફાઈ કર્મચારીઓના પગારમાં વધારો થતાં કમિશ્નર તથા હોદ્દેદારોનો કર્મચારીઓએ આભાર વ્યક્ત કર્યો

કિશન બર્હેચા - જૂનાગઢ તારીખ ૨૭ જૂન, ૨૦૨૫ ના રોજ જુનાગઢ સફાઈ કામદાર કર્મચારી યુનિયન તેમજ વાલ્મીક સમાજ, જૂનાગઢ દ્વારા નવનિયુક્ત મહાનગરપાલિકા કમિશનર તેજસ પરમાર સાહેબ, મેયર ધર્મેશભાઈ પોસીયા, ડેપ્યુટી મેયર આકાશભાઈ કટારા સાહેબ, સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષ શ્રીમતી પલવીબેન ઠાકર, શાસક પક્ષના નેતા શ્રી મનનભાઈ તથા દંડક શ્રી અજવાણી સાહેબનો સન્માનપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.શહેરની સેનિટેશન સેવા માટે સતત મહેનત કરનારા સફાઈ કામદારો તથા સખી મંડળના બેનરમાં કાર્યરત બહેનોના ૧૦, ૨૦ અને ૩૦ વર્ષના કામગિરીના આધારે પગારમાં ૩૦૦૦ રૂપિયા સુધીના વધારાની જાહેરાત બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



આ પ્રસંગે જુનાગઢ મહાનગરપાલિકા સફાઈ કામદાર યુનિયનના પ્રમુખ શ્રી દિનેશ ડી. ચુડાસમા તથા વાલ્મીકિ સમાજ, જૂનાગઢના પ્રમુખશ્રીએ ઉપસ્થિત રહી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. અખંડ ભારત

# બ્રહ્મપુરી પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો



હિતેન્દ્રભાઈ ગામેતી -અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના બ્રહ્મપુરી પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી પ્રવેશોત્સવ યોજાયો. જેમાં બાલવાટિકા ધોરણ ૧ આંગણવાડીનાં બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો. જેમાં ઉપસ્થિત મુખ્ય મહેમાન ગામનાં પૂર્વ સરપંચ શ્રી હિતેશભાઈ ગામેતી, સુરેશભાઈ ગામેતી, કોદરભાઈ ખાંટ, શૈલેષભાઈ ડાભી તથા એસ. એમ. સી. અધ્યક્ષ શ્રી જનકકુમાર ગામેતી અને કારોબારી સભ્યો ગામમાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાઈઓ બહેનો તથા વાલીઓ હાજર રહી બાલવાટિકા ધોરણ ૧ તથા આંગણવાડીના બાળકોને કુમકુમ તિલક કરીને બાળકોને સ્કૂલબેગ, કિટ ઈનામ વિતરણ કરી પ્રવેશ અપાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય શ્રી. દિનેશભાઈ ફેરા તથા શાળાના સ્ટાફ વીણાબેન મેણાત ને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતાં. શાળા ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.-અખંડ ભારત

# જૂનાગઢમાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે




કિશન બહેચા - જૂનાગઢ ગાયત્રી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ, ગાયત્રી શકિતપીઠ - જૂનાગઢ દ્વારા દર મહિને યોજાતા ચોથા શનિવારના આરોગ્ય સેવાના ભાગરૂપે આ વખતે તારીખ ૨૮/૦૬/૨૦૨૫ શનિવારે સવારે ૮:૩૦ થી ૧૨:૩૦ સુધી નિઃશુલ્ક નેત્રયજ્ઞ તથા સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.આ કેમ્પમાં વિરનગર શિવાનંદ હોસ્પિટલના નેત્ર નિષ્ણાત ડૉક્ટરો, સિવિલ હોસ્પિટલના આસિસ્ટન્ટ સિવિલ સર્જન ડૉ. કરંગીયા સાહેબ (હાર્ટ તથા ડાયાબીટીસ), તેમજ જીલ્લા આરોગ્ય અધિકારીની માર્ગદર્શિકામાં આયુર્વેદ, હોમીયોપેથી અને પ્રાણ હીલીંગ ક્ષેત્રના નિષ્ણાત ડૉક્ટરો દ્વારા કમર અને પગના દુઃખાવા સહિત વિવિધ રોગોની નિઃશુલ્ક સારવાર આપવામાં આવશે.આ બાબત ટ્રસ્ટી શ્રી નાગભાઈ સી. વાળાએ પત્રકાર નોંધ દ્વારા જાણકારી આપી હતી. - અખંડ ભારત

# સીતવાડા ગામ પંચાયતના સરપંચ પદે ચૂંટાયા



હિનાબેન - પ્રાંતિજ તાલુકાની સીતવાડા ગામ પંચાયતની યોજાયેલ ચૂંટણીમાં સરપંચ તરીકે રાઠોડ મિલકતસિંહ ભીખુસિંહ વિજેતા થતાં સૌ ગ્રામજનોએ વિજેતા સરપંચને શુભેચ્છાઓ પાઠવી હતી. -અખંડ ભારત

# ઝાલોદમાં ભગવાન જગન્નાથની નિકળી શોભાયાત્રા



પંચાલ નિલેશ - આજ રોજ ઝાલોદ ખાતે ભગવાન શ્રી જગન્નાથ ની ભવ્ય શોભાયાત્રા પ્રસ્થાન કરાવતા ઝાલોદ નગર સેવા સદનના પ્રમુખ શ્રી થતા ઉપપ્રમુખ શ્રી થતા અધ્યક્ષ શ્રી એ ચાંદીની સાવરણી મારીને શ્રી ભગવાન જગન્નાથજી ના રથ ને પ્રસ્થાન કરાવ્યું ને ઝાલોદ રામજી મંદિર થઈ ને ગીતા મંદિર થઈ ને મીઠચોક માં થઈ ને ઝાલોદ ના મુખ્યમાર્ગ થઈને સાંજે પરત રણછોડ જી મંદિરે વિશ્રામ લેશે. ત્યાર પછી સમુહ આરતી થશે ને પછી સમુહ પ્રસાદી નું આયોજન શ્રી વિશ્વકર્મા મંદિર રાખેલ હતું તેમાં સર્વ જ્ઞાતિ સમાજ ના લોકો યાત્રામાં જોડાઈ જય રણછોડ...માખણ ચોર...ના નાદ સાથે સૌ ભક્તોએ રથયાત્રા પર્વની ઉજવણી કરી હતી.

# બિલીયા ખાતે પ્રવેશોત્સવ યોજાયો



જીતેન્દ્રસિંહ - શહેરા તાલુકાના બીલીથા -૨ પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશ ઉત્સવ કન્યા કેળવણી મહોત્સવમાં ઉપસ્થિત રહીને શાળામાં પ્રવેશ મેળવી રહેલા ભૂલકાઓને આવકાર્યા અને શ્રેષ્ઠ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

# શ્રી ઢસાગામ કે. વ. શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



જયેશ મકવાણા - આ પ્રસંગે માન. ગુજરાત પ્રદેશ મીડિયા ડીબેટ પ્રવક્તા બીજેપી જયેશ એમ. મકવાણા માન. ચેરમેન શ્રી બોટાદ જિલ્લા મહિલા અને બાળ કલ્યાણ કમિટી - પ્રતિનિધિ - કલ્પેશભાઈ પાવરા, સરપંચ શ્રી- પ્રતિનિધિ - મુકેશભાઈ રાજપરા , ગ્રામ પંચાયતના તમામ સદસ્યશ્રીઓ, એસ.એમ.સીના તમામ સભ્યશ્રીઓ, આંગણવાડી કેન્દ્રના કર્મચારીઓ, બહોળી સંખ્યામાં વાલી અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી, ત્યારબાદ શાળાની બાળાઓ દ્વારા સ્વાગત ગીત રજૂ થયું હતું.આ પ્રસંગે આંગણવાડીના બાળકોને, બાલવાટિકામાં પ્રવેશપાત્ર બાળકોને તથા ધોરણ ૧ માં પ્રવેશ મેળવનાર બાળકોને મહાનુભાવો દ્વારા શૈક્ષણિક કીટ આપી શિક્ષણના સાગરમાં પ્રવેશ કરાવ્યો હતો. ત્યારબાદ વાર્ષિક પરીક્ષા, NMMS પરીક્ષા, જ્ઞાનસેતુ પરીક્ષા, જ્ઞાન સાધના પરીક્ષા વગેરે પરીક્ષાઓમાં વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓને તથા ખેલ મહાકુંભ અંતર્ગત બેડમિન્ટન તથા ૪૦૦ મીટર દોડમાં રાજ્ય કક્ષાએ ભાગ લઈ શાળાનું ગૌરવ વધારવા બદલ તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ શાળા કક્ષાએ દાન આપતા દાતાઓનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વિષયો પર વક્તવ્ય આપવામાં આવ્યાં હતા તથા આચાર્ય શ્રી હરદેવસિંહ સિંધવ દ્વારા શિક્ષણની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી તથા ગામના અગ્રણી રાજુભાઈ પાવરા દ્વારા પ્રસંગોચિત વક્તવ્ય આપવામાં આવ્યું હતું.આભારવિધિ શાળાના શિક્ષિકા હિરલબેન મકવાણા અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન હરેશભાઈ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.પધારેલ મહાનુભવોએ શાળામાં થતી શૈક્ષણિક અને સહ અભ્યાસિક પ્રવૃતિઓ જોઈ રાજીપો વ્યક્ત કર્યો હતો. અંતે રાષ્ટ્રગાન ગાઈ કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.-અખંડ ભારત

# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવની ઉપસ્થિતીમાં ૧૨૪ વિદ્યાર્થીઓનુ કરાયુ નામાંકન



ઘિસારામ ચૌધરી - ગુજરાત સરકાર દ્વારા સમગ્ર રાજયમા ત્રિદિવસીય 'કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ' કાર્યક્રમનો પ્રારંભ કરવામા આવ્યો છે ત્યારે, કાર્યક્રમના બીજા દિવસે ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આવેલ દિપદર્શન પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બાળકોને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ શ્રી ધનંજય દ્વિવેદીએ કુલ ૩૫૨ વિદ્યાર્થીઓનો શૈક્ષણિક કીટ આપીને 'શાળા પ્રવેશોત્સવ' કરાવ્યો હતો. વિદ્યાર્થીઓના શાળા પ્રવેશોત્સવ પ્રસંગે અગ્ર સચિવ શ્રી ધનંજય દ્વિવેદીએ જણાવ્યું હતુ કે, વિદ્યાર્થીએ પોતે શું બનવુ છે તે માટે તેઓના જીવનનો ધ્યેય હોવો ખુબ જ જરૂરી છે. વિદ્યાર્થીએ સ્વયં મક્કમ નિર્ણય કરીને આયોજનબધ્ધ આગળ વધવા સાથે પોતાના જીવનનો ઉદ્દેશ્યની પૂર્તિ માટે સતત કાર્યરત રહેવુ જોઈએ. દરેક વસ્તુ અને પ્રકૃતિમા વિજ્ઞાન સમાયેલુ છે. દરેકનુ પોતપોતાનુ વિજ્ઞાન છે. જેથી વિદ્યાર્થીઓએ પુસ્તકમા રહેલી વાતોને ભૌતિક અવસ્થાઓ સાથે સરખાવી સમજવાની જરૂર છે. પુસ્તકમાથી ભણાવતી બાબતોનો આપણને ત્યારે જ ખ્યાલ આવે છે, અને અભ્યાસમા મઝા આવે છે, સાથે જ જિજ્ઞાસા પણ વધે છે. વિદ્યાર્થીઓએ સતત જિજ્ઞાસા દાખવી પોતાનો ધ્યેય નક્કી કરી મહેનત કરવી જોઈએ.-અખંડ ભારત

# હિંમતનગર ખાતે ભગવાન જગન્નાથજીની રથયાત્રા નિકળી



કુંવરસિંહ -સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેર ખાતે અષાઢી બીજ ના પાવન અવસરે જગન્નાથ ધામ હરે કૃષ્ણ સત્સંગ કેન્દ્ર હિંમતનગર દ્વારા આયોજિત ભગવાન શ્રી જગન્નાથજીની પ્રથમ રથયાત્રા માં પુજ્ય સંતો અને શ્રધ્ધાળુઓની ઉપસ્થિતિમાં રથયાત્રા નો મંગલમય અવસર આસ્થાના રંગે રંગાઈ ગયો હતો આ મંગલમય પ્રસંગે સાબરકાંઠા સાંસદ સોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયા જી અને વિશાળ સંખ્યામાં શહેરીજનો ભગવાન શ્રી જગન્નાથજીના ભક્ત જનો એ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.-અખંડ ભારત

# કલાણામાં પ્રવેશોત્સવ યોજાશે

દેસાઈ લાભુભાઈ - હારીજ તાલુકાના જુના કલાણા પ્રાથમિક શાળામાં શાળાપ્રવેશોત્સવ હોવાથી ગ્રામજનો તથા વિદ્યાર્થીના વાલીઓ ને પ્રાથમિક શાળામાં સમય સવારે ૯:૩૦ કલાકે સૌ સ્થાનિકોને ઉપસ્થતિ રહેવા જણાવ્યું છે.આ તબક્કે તિથિ ભોજન તથા બાળકો ને ઈનામ વિતરણ ના દાતા સરપંચ શ્રી લાભુભાઈ તથા શેઠ શ્રી બંટીભાઈ દ્વારા આયોજન કરાયું છે.-અખંડ ભારત

# જાબચીતરીયા સી.આર.સી માં શાળા પ્રવેશ ઉત્સવ ઉજવાયો



શામળાજી વિસ્તારની બોડર વિસ્તારમાં આવેલ ઈશ્વરપુરા નવાગામ કારછા જયપ્રકાશ વિદ્યામંદિર દિવ્યજ્યોત વિદ્યામંદિર પદ્માવતી કન્યા વિદ્યાલય માં ગાંધીનગર થી ખાન અને ખનીજ વિભાગના સેક્રેટરી જે બી પટેલ ના અધ્યક્ષ સ્થાને તથા આ વિસ્તારના સી.આર.સી જગદીશભાઈ પટેલના સાથે શાળા પ્રવેશ મહોત્સવ ઉજવાયો હતો જેમાં પ્રાઈમરી વિભાગમાં ૧૦૪ બાળકો તથા માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ધોરણ નવ અને ૧૧ માં ૧૭૦ જેટલા બાળકો એ પ્રવેશ મેળવ્યો હતો ગાંધીનગર થી ઉપસ્થિત જી બી પટેલ સાહેબે બાળકોને પોતાના પ્રવચનમાં ઉચ્ચ શિક્ષણ મેળવી અને ગોલ નક્કી કરી ડોક્ટર એન્જિનિયર શિક્ષક તથા સારા અધિકારી બનો પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું સમગ્ર કાર્યક્રમમાં સંચાલન કરતા ઈશ્વરપુરા મુખ્ય શિક્ષક શ્રી ગૌરાંગભાઈ પરીખ ઉપ શિક્ષક હંસાબેન પારગી ગીતાબેન ડામોર ચીમનભાઈ પટેલ વગેરે સુંદર આયોજન કરી કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી- અખંડ ભારત

# સાંકોડ શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



ચંદુ ભાઈ - સાંકોડ ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમ યોજાયો હતો તેમાં ધોરણ ૧૦ ગામ લેવલ માં વિદ્યાર્થી ને સારા ટકા મેળવનારને પ્રથમ નંબર ૧૧૦૦૦. બીજા નંબરે ૫૧૦૦. ત્રીજા નંબરે ૨૧૦૦. ચોથા નંબરની ૧૧૦૦ પાંચમા નંબરને ૧૧૦૦. અને ટોફી તથા બેગુ અને નવમા ધોરણનું નવા વિદ્યાર્થીઓની બગલ ઢેલા બાવળા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ વિષ્ણુભાઈ તરફથી અને એક થી આઠ ધોરણના વિદ્યાર્થીઓને ટોફી એક થી ત્રણ નંબરની દરેકને અલગ અલગ ઈનામ વિતરણ કરી શાળાનું ગૌરવ વધારવા માટે તેના દાતાશ્રી ચંદુભાઈ બુધાભાઈ તથા ગણેશભાઈ દયારામ ભાઈ તથા બાબુભાઈ ફુલાભાઈ તથા પહેલા ધોરણમાં પ્રવેશ કરનારને બાળકોની અરવિંદભાઈ મનજીભાઈ તરફથી બગલઢેલા તથા શાળાના શિક્ષકો માધ્યમિક શાળા શિક્ષકો હાજર રહ્યા હતા અને ગામજનો પણ હાજર રહ્યા હતા અને શાળા ના શિક્ષકોએ આથી સારું પરિણામ આવતા વર્ષે આવશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.-અખંડભારત

# પીપલોદ પ્રા. શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



વિપુલકુમાર બારીયા - દેવગઢબારિયા તાલુકાના ભુત ફળિયા પિપલોદ પ્રાથમિક શાળામાં સરકારશ્રીએ જાહેર કરેલ કાર્યક્રમ મુજબ તારીખ ૨૬, ૨૭, ૨૮ જૂનના રોજ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવાનું નક્કી કરેલ હોય તારીખ ૨૬,૬ ,૨૦૨૫ ના રોજ ભુત ફળિયા શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી દેવગઢ બારીયાના આર .એફ.ઓ શ્રી હિતેશ પટેલના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. આવેલ મહેમાનોનું સ્વાગત બાળાઓ દ્વારા શોર્ય ગીતથી કરવામાં આવ્યું હતું . આવેલ મહેમાનો કુલછડી અને પુસ્તક દ્વારા પણ સ્વાગત કરવામાં આવ્યું હતું .આ પ્રવેશોત્સવમાં આંગણવાડીમાંથી છ જેટલા બાળકો અને બાલ વાટીકામાં ૨૬ જેટલા બાળકોને હાજર રહેલા મહાનુભવોએ રંગેચંગે પ્રવેશ અપાવ્યો હતો.-અખંડ ભારત

# અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખે ચાર્જ સંભાળ્યો

રોનક પંડ્યા -અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરૂણભાઇ પટેલ આજે રથયાત્રાના પવિત્ર દિવસે કોંગ્રેસ કાર્યાલય ખાતે સત્ય ભગવાનની કથા કરાવીને આજે પોતાના હોદ્દા નો ચાર્જ લીધેલ છે તેમજ કથાકાર થયા બાદ જ્યાં નાસ્તા સાથે મીટીંગ નું કાર્યકરો સાથે આયોજન કરવામાં આવેલ હતું જે મિટિંગમાં કાર્યકરો સાથે આવનાર તાલુકા પંચાયત જિલ્લા પંચાયતની ચૂંટણીમાં આવતી હોવાથી કામે લાગી જવા માટે સૂચના આપવામાં આવી તેમજ મોડાસા ખાતે નહીં રથયાત્રાના દર્શન કરવામાં આવ્યા તેમજ કાર્યકરો સાથે સીધો સંવાદ કરવામાં આવ્યો આવનારા ચૂંટણીઓમાં કોંગ્રેસ વિજય થાય એ બાબતે દરેક કાર્યકરોની સંબોધવામાં આવ્યા. આ સમયે પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર તેમજ પૂર્વ ધારાસભ્ય બાયડ જશુભાઈ પટેલ તેમજ ડોક્ટર ચિરાગ ઉપાધ્યા અન્ય હોદ્દેદારો આજરોજ હાજર રહી અને આ કાર્યક્રમની પરિપૂર્ણ કરવામાં આવ્યું હતું-અખંડ ભારત

# નાનોદર પ્રા. શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



ચંદુ ભાઈ - અમદાવાદ જિલ્લાના બાબરા તાલુકામાં નાનોદરા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશ ઉત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં જિલ્લા રમત ગમત અધિકારી અમિતભાઈ ચૌધરી તાલુકા સદસ્યશ્રી વિષ્ણુભાઈ ડાભી તથા દશરથભાઈ ડાભી પૂર્વ પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ તથા ગામજનોની ઉપસ્થિતિમાં શાળાના પ્રવેશ ઉત્સવમાં ઉજવાયો હતો અધિકારી દ્વારા બાળકોને કીટ આપી શાળા પ્રવેશ આંગણવાડી પ્રવેશ કરાવવામાં આવ્યો હતો તેમાં નાનોદરા પ્રાથમિક શાળાના શિક્ષકો પણ હાજર હતા ગામજનો પણ હાજર હતા.
- અખંડ ભારત

# રૂપાલ ખાતે સંકલ્પ થી સિદ્ધિ કાર્યક્રમ યોજાયો



કુંવરસિહ ચૌહાણ - તલોદ તાલુકાના ગોરા શક્તિ કેન્દ્ર રૂપાલ ખાતે ભારતીય જનતા પાર્ટી ના સંકલ્પ થી સિદ્ધિ ભારત ના આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ના સુશાસનના ૧૧ વર્ષ ના સમયગાળામાં થયેલ વિકાસલક્ષી કામોની છણાવટ કરી વિવિધ મુદ્દાઓ ઓ સાથે ચર્ચા કરવામાં આવી આ બેઠકમાં જિલ્લા સદસ્ય અને પૂર્વ મહિલા અને બાળવિકાસ રેખા બા ઝાલા તલોદ સંગઠન ના ઉપપ્રમુખ નરેન્દ્રસિંહ અને બુથ પ્રમુખ પ્રવીણસિંહ અને ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.- અખંડ ભારત

# ટીંટોઇ ગામ પંચાયતનું પરિણામ જાહેર



હિતેન્દ્રભાઈ ગામેતી - અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાની મોટી વસ્તી ધરાવતી અને છેલ્લા ત્રણ વર્ષથી વહીવટદાર શ્રી દ્વારા ચાલતી ટીટોઈ ગ્રામપંચાયતમાં સરપંચ પદના આઠ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં ઝંપલાવતા ટીટોઈ ગામનાં યુવાન ઉત્સાહી કર્મઠ એવા ઉમેદવાર પટેલ પ્રદિપભાઈ એમ. એ ભારે રસાકસી બાદ તેમનાં હરીફ ઉમેદવારોને માત આપી કુલ ૧૫૨૫ મત મેળવી ૨૧૩ મતોની લીડથી ભવ્ય વિજય થતા તેમને સૌ મતદારોનો આભાર વ્યકત કર્યો હતો.-અખંડ ભારત

# નાગજીના મુવાડા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



આજરોજ ગાંધીનગર જિલ્લાના નાગજીના મુવાડા પ્રાથમિક શાળામાંમધુબેન પટેલ CDPO DEHGAM ના અધ્યક્ષ સ્થાને કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫ અંતર્ગત આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ ૧ ના બાળકો માટે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત પ્રવેશપાત્ર બાળકોને શૈક્ષણિક કીટ આપી વિધિવત પ્રવેશ આપવામાં આવ્યો હતો.-અખંડ ભારત

# ઉમેદપુરા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



સંજય ગેડિયા -ગીર ગઢડા તાલુકાનું ગામ ઉમેદપુરા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવમાં અધિકારી શ્રી નિયામક વિભાગમાંથી નિમાવત સાહેબ સી.આર.સી સાહેબ આચાર્ય શ્રી અરજણભાઈ બાંભણિયા તથા સ્ટાફગણગામના સરપંચ રામભાઈ રાઠોડ તથા ગગજીભાઈ વઘાસિયા તથા ગ્રામ પંચાયતના તમામ સભ્યો ગામના નાગરિકો વાલીઓ તથા આંગણવાડીના વર્કર કોકીલાબેન ઓઝા એસએમસી કમિટી બાળકોને ઈનામ આપી અને પ્રવેશોત્સવ કરવામાં આવ્યો હતો-અખંડ ભારત

# નર્મદામાં નાંદોદથી પ્રવેશોત્સવનો પ્રારંભ કરાયો



જીતેન્દ્ર સોલંકી- રાજ્ય સરકાર દ્વારા આજથી રાજ્યવ્યાપી ત્રિ-દિવસીય કન્યા કેળવણી મહોત્સવ-શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. પ્રથમ દિવસે નાંદોદના ધારાસભ્યશ્રી ડો. દર્શનાબેન દેશમુખે સવારે કોઠી(કેવડિયા) પ્રાથમિક શાળા ખાતે પહોંચી આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ-૧ના બાળકોને સ્કુલબેગ, પુસ્તકો,નોટબુક, સહિતની શૈક્ષણિક કીટ આપી શાળા પ્રવેશ કરાવ્યો હતો. ત્યારબાદ ગરૂડેશ્વરની ગભાણા પ્રાથમિક શાળા અને તિલકવાડાની કંથરપુરા પ્રાથમિક શાળા ખાતે પણ ધારાસભ્યશ્રીના હસ્તે આંગણવાડી અને પ્રાથમિક શાળાના બાળકોને ધારાસભ્યશ્રીના હસ્તે શાળા પ્રવેશ કરાવાયો હતો. -અખંડ ભારત

# ભોજપુર પ્રા. શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



રાજેન્દ્ર મકવાણા -માલપુર તાલુકાની પરસોડા ની ભોજપુર પ્રાથમિક શાળા માં પ્રવેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે પરસોડા ગ્રામ પંચાયત ના સરપંચ શ્રી માજી સરપંચ શ્રી વ્હાલા વિદ્યાર્થી મિત્રો ને વાલી શ્રી ઓ ને ગ્રામ જનો ઉપસ્થિત રહ્યા હતા આવેલ મહેમાનો નું શાળા પરિવાર વતી ફૂલ જડી આપી સન્માન કરવામાં આવ્યું હતું .વહાલા વિદ્યાર્થી ઓ ને સરપંચ શ્રી એ સમય સર શાળા માં આવવા અને ગૃહ અભ્યાસ કરવા પ્રેરિત કર્યા હતા અને ઉત્સાહી બનવા ની પ્રેરણા આપી હતી -અખંડ ભારત

# અંજેસર ગામ પંચાયતનું પરિણામ જાહેર



નરેન્દ્ર વાઘેલા -સાવલી તાલુકાના અંજેસર ગામે સરપંચના પદે અંકિતભાઈ પટેલ નો ભવ્ય વિજય થતાં તેમને સૌ મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો.-અખંડ ભારત

# બિલમણા સરપંચનું સન્માન કરાયું



વનરાજ વણજાર - દહેગામ તાલુકાની બિલમણા ગામ પંચાયતની યોજાયેલ ચૂંટણીમાં વિજેતા થયેલ સરપંચ પરમાર બાલાજી રમાજી નું ગામ પંચાયત સ્ટાફ પરિવાર અને સ્થાનિકો દ્વારા સન્માન કરાયું હતું.
-અખંડ ભારત





## કસ્ટડીમાં રેની જોશીલ્ડાની ધમાલઃ "હું મરવા માગું છું" કહી ટેબલ પર ચડી મહિલા પોલીસ પર હુમલો




ગુજરાત સહિત દેશના અલગ અલગ રાજ્યોમાં મહત્વની જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ કરવાની ઈમેઈલથી ધમકી આપનાર રેની જોશીલ્ડાની અન્ય એક કેસમાં ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કર્યા બાદ પૂછપરછ કરાશે. જોકે, રેની જોશીલ્ડા જ્યારે સાયબર ક્રાઈમની કસ્ટડીમાં હતી ત્યારે પૂછપરછ દરમિયાન તેણે ધમાલ મચાવી હતી. આ દરમિયાન ટેબલ પર ચડીને તેણે એક મહિલા પોલીસ કર્મચારીને મારવાનો પણ પ્રયાસ કર્યો હતો અને તે બોલી રહી હતી I don't won't to live, i want to die.

ઉલ્લેખનીય છે કે, સમગ્ર ઈમેઈલ કાંડમાં જ્યારે તેની સાયબર ક્રાઈમ દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી હતી તે દરમિયાન તે સાવ નિર્દોષ હોવાનું વર્તન કરી રહી હતી, પરંતુ તેણે કરેલી તમામ હરકતો હવે પુરાવા સ્વરૂપે પોલીસ પાસે છે અને હવે અન્ય એક કેસમાં તેની ધરપકડ કરવામાં આવશે અને તે અંગે તેની પૂછપરછ પણ કરાશે.

## મહેસાણા દૂધ સાગર ડેરીની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં ભારે હોબાળો

મહેસાણા દૂધ સાગર ડેરીની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં ભારે હોબાળો થયો છે. આ બેઠકમાં ડેરીના હિસાબો અને વ્યવસ્થાપન મુદ્દે ચર્ચા ચાલી રહી હતી. જેને લઈને ડેરીના ચેરમેન અશોક ચોધરી અને વાઈસ ચેરમેન યોગેશ પટેલ વચ્ચે ઉગ્ર બોલાબોલી થઈ હતી. આ દરમિયાન તણાવ એટલો વધી ગયો કે ચેરમેન અશોક ચોધરીએ વાઈસ ચેરમેન યોગેશ પટેલને જાહેરમાં લાફો ઝીંકી દીધો હોવાનો ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે.મળતી માહિતી અનુસાર, આ ઘટના બાદ વાઈસ ચેરમેન યોગેશ પટેલ અને તેમનું જૂથ બી ડિવિઝન પોલીસ સ્ટેશન પહોંચ્યું હતું અને સમગ્ર ઘટનાની જાણકારી આપી હતી. આ મામલાનો હવે પોલીસ દ્વારા પણ ઉંડાણપૂર્વક તપાસ કરવામાં આવશે તેવી શક્યતા છે. નોંધનીય છે કે, ભાજપના મેન્ડેડથી બંને ચેરમેન અને વાઈસ ચેરમેન બન્યા છે.

## કમાણીમાં ભારતનો હકઃ રવિ શાસ્ત્રીએ ICC સામે રાખી માંગ, જાણો આ પાછળનું તાર્કિક કારણ




ભારતના પૂર્વ ક્રિકેટર અને મુખ્ય કોચ રવિ શાસ્ત્રીએ ICC મોટી ડિમાન્ડ કરી છે. રવિ શાસ્ત્રીએ ICC સમક્ષ ડિમાન્ડ કરતા કહ્યું કે, ICCની કુલ કમાણીનો મોટો હિસ્સો ભારતને મળવો જોઈએ, કારણ કે ICCના ખજાનામાં સૌથી વધુ યોગદાન ભારતનું છે.' ૨૦૨૪-૨૭ ચક્રના મોડેલ પ્રમાણે ભારત વર્તમાનમાં ICCના કુલ આવકના ૩૮.૫% કમાય છે, જે ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા જેવા દેશો કરતા વધારે છે. તેમ છતાં રવિ શાસ્ત્રી તેમાં વધુ વધારો ઈચ્છે છે. શાસ્ત્રીનું કહેવું છે કે, 'જ્યારે પણ ભારત વિદેશમાં રમે છે, ત્યારે ટીવી રાઈટ્સ અને કમાણીમાં ઘણો વધારો થાય છે. તેથી, એવું કહેવું સંપૂર્ણપણે વાજબી રહેશે કે ભારતને કમાણીનો મોટો હિસ્સો મળવો જોઈએ.

એક ઈન્ટરવ્યુમાં રવિ શાસ્ત્રીએ કહ્યું કે, 'ભારતને ICCની કુલ કમાણીનો મોટો હિસ્સો મળવો જોઈએ. જ્યારે પણ ભારત વિદેશમાં રમે છે, ત્યારે ટીવી રાઈટ્સ અને કમાણીમાં મોટો વધારો થાય છે. ટીવી દ્વારા થઈ રહેલી કમાણીના આંકડા ખુદ આ વાત સાબિત કરે છે. તેથી એવું કહેવું સંપૂર્ણપણે વાજબી રહેશે કે ભારતને કમાણીનો મોટો હિસ્સો મળવો જોઈએ.'

રવિ શાસ્ત્રીએ આગળ કહ્યું કે, 'મોટાભાગના પૈસા ભારતમાંથી આવે છે. આ બધું અર્થતંત્ર પર નિર્ભર કરે છે. જો કાલે કોઈ બીજા દેશની અર્થવ્યવસ્થા ભારત કરતાં વધુ મજબૂત બને છે, તો પૈસા ત્યાંથી આવશે. જેમ ૭૦ અને ૮૦ના દાયકામાં થતું હતું, તે સમયે કમાણીનો મોટો ભાગ બીજા કોઈ દેશમાં જતો હતો. તેથી ભારત માટે મોટો હિસ્સો માંગવો યોગ્ય છે.'

## જન્મઆંક ઘટાડા પર મસ્ક ચિંતા વ્યક્ત કરી



ઈલોન મસ્કનું માનવું છે કે બહુ જલદી વસ્તી ઓછી થઈ રહી છે. તેનું માનવું છે કે આવુંને આવું ચાલતું રહ્યું તો મનુષ્યજાતિનો અંત નક્કી છે. આથી તેણે દરેકને ત્રણ બાળકો કરવા માટે વિનંતી કરી છે. જન્મઆંકમાં હવે દિવસે દિવસે ઘટાડો થઈ રહ્યો છે. આ સમસ્યા દુનિયાના મોટાભાગના દેશોમાં જોવા મળી રહી છે. અમેરિકા, જાપાન અને રશિયાએ તો આ માટે અઠવાડિયાના કામના દિવસો પણ ઘટાડીને દીધા છે. તેમ જ ફેમિલી પ્લાનિંગ માટે દિવસ દરમ્યાન ઓફિસના કામમાંથી બ્રેક લેવા માટે પણ વિનંતી કરી છે.

એક મહિલાએ ત્રણ બાળકોને જન્મ આપવો. ઈલોન મસ્ક દ્વારા સોશિયલ મીડિયા X પર પોસ્ટ કરવામાં આવી હતી. આ પોસ્ટમાં તેણે એક રિપોર્ટ પણ જાહેર કર્યો હતો, જેમાં જન્મઆંક ઓછો થઈ રહ્યો હોવાની વાત કરવામાં આવી છે. એ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જન્મઆંકને સંતુલિત રાખવા માટે દરેક મહિલાએ ૨.૭ એટલે કે ત્રણ બાળકો કરવા જરૂરી છે.

## ખેડૂતો માટે નવી યોજના, ગુજરાત સરકાર આપશે ૧ લાખનું ઇનામ



રાજ્યમાં કૃષિ ક્ષેત્રે ઉત્સાહી અને પ્રગતિશીલ ખેડુતો કે જેઓ પોતાની આગવી કોઠા સુઝથી ખેતીના વિકાસમાં નવીનતા લાવવામાં તેમજ નવીન ટેક્નિક રજૂ કરવા માટે કાર્ય કરે છે. આવા ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર યોજના અંતર્ગત રૂ. ૧.૦૦ લાખ સુધીના રોકડ પુરસ્કાર આપી સન્માન કરવામાં આવશે.

આગવી કોઠાસૂઝથી કૃષિક્ષેત્રે આગવી સિદ્ધિ પ્રદાન કરેલા ખેડૂતોએ આ યોજનાનો લાભ લેવા જિલ્લા ખેતીવાડી અધિકારીને નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. અરજી ફોર્મ ખેતી નિયામકની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. આ યોજના વિષે વધુ જાણકારી મેળવવા જિલ્લા પંચાયત ખાતે જિલ્લા ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવાનો રહેશે.

## પેટાચૂંટણીના પરિણામથી ગુજરાત કોંગ્રેસમાં નિરાશા



ગુજરાત કોંગ્રેસમાં હાલમાં નિરાશાનો માહોલ છવાયેલો છે. તાજેતરમાં વિસાવદર અને કડી બેઠક પર આવેલા પેટાચૂંટણીના પરિણામોએ આ નિરાશામાં વધારો કર્યો છે, જ્યાં પાર્ટીને બંને બેઠકો પર કારમી હારનો સામનો કરવો પડ્યો છે. આ હાર બાદ ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે પોતાના પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી દીધી છે. વિસાવદર બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલિયાએ જીત મેળવી છે, જ્યારે કડી બેઠક પર ભાજપે જીત હાંસલ કરી છે. ઉલ્લેખનીય છે કે ૨૦૧૭માં કોંગ્રેસે વિસાવદર બેઠક જીતી હતી, પરંતુ તેના ધારાસભ્ય ભાજપમાં જોડાઈ ગયા હતા.

૨૦૧૭ની ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ૭૭ બેઠકો જીતનારી કોંગ્રેસ ૨૦૨૨માં માત્ર ૧૭ બેઠકો પર સમેટાઈ ગઈ હતી. તાજેતરની પેટા ચૂંટણીના પરિણામો બાદ આ પ્રશ્ન પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓને રાહુલ ગાંધીએ કહ્યું હતું- ગુજરાતમાં ભાજપને હરાવીશું. નોંધનીય છે કે રાહુલ ગાંધીએ ગુજરાતમાં ભાજપને હરાવવાની ગર્જના કરી હતી. તેમણે લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો બાદ ગુજરાતનો પ્રવાસ પણ કર્યો હતો અને તાજેતરમાં પાયલટ પ્રોજેક્ટ હેઠળ રાજ્યમાં જિલ્લા કોંગ્રેસ સમિતિ (DCC) ના અધ્યક્ષોની નિમણૂકો પણ કરી હતી, પરંતુ પેટાચૂંટણીના આ પરિણામો બાદ પાર્ટીના નેતાઓ હતાશ જણાઈ રહ્યા છે.

## હાથીએ વાન ફેંકી ત્યારે કરફ્યૂ વચ્ચે પણ નીકળી હતી રથયાત્રા



અષાઠી બીજ એટલે ૨૭ જૂન, ૨૦૨૫ના રોજ ગુજરાત સહિત વિશ્વભરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળી છે. ત્યારે પરંપરાગત રીતે અમદાવાદમાં ૧૪૮મી રથયાત્રા યોજાઈ રહી છે. 'જય રણછોડ, માખણચોર'ના જયઘોષ સાથે પરંપરાગત રીતે ભગવાન જગન્નાથજી, તેમના ભાઈ બલરામજી અને બહેન સુભદ્રાજી નગરચર્યાએ નીકળ્યા છે. ચોમેર હર્ષ-ઉલ્લાસનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. અમદાવાદના પોલીસતંત્રએ જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. ભાવિકોને કોઈ અગવડતા ન પડે તે માટેની જરૂરી તમામ બાબતોનું જીણવટપૂર્વકનું ધ્યાન રાખવામાં આવ્યું છે. અમદાવાદના ખાડિયા નજીક ડી.જે.ના કારણે ગજરાજ બેકાબૂ થયા હતાં. પરંતુ અમદાવાદમાં પહેલી રથયાત્રા નીકળી હતી ત્યારે સરજૂપ્રસાદ નામના હાથીએ પોલીસ વાનને સૂંઢથી ફેંકી દીધી હતી.

## ભારતે રૂ.૫૫૦ કરોડમાં અવકાશ માટે સીટ ખરીદી, શુભાંશુ શુક્લા ખાસ તાલીમ લઈ રહ્યા છે



પૃથ્વીથી ૨૮ કલાકની સફર બાદ કેપ્ટન શુભાંશુ શુક્લા ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર પહોંચી ગયા છે. તેઓ એક્સિયમ-૪ મિશનનો ભાગ છે, જેની એક સીટ માટે ભારતે લગભગ ૫૫૦ કરોડ રૂપિયા ચૂકવ્યા છે. ભારતે શુભાંશુ માટે આટલી મોટી રકમ કેમ ખર્ચી, તેઓ અવકાશમાં ૧૪ દિવસ દરમિયાન શું-શું કરશે અને આ ભારતના ગગનયાન મિશન માટે કેટલું જરૂરી છે; આજના એક્સપ્લેનરમાં જાણીશુંપ

એક્સિયમ-૪એ એક ખાનગી અવકાશ ઉડ્ડયન મિશન છે, જે અમેરિકન સ્પેસ કંપની એક્સિયમ, NASA અને સ્પેસએક્સના સહયોગથી થઈ રહ્યું છે. આ કંપની પોતાના સ્પેસક્રાફ્ટમાં ખાનગી અવકાશ યાત્રીઓને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર મોકલે છે. એક્સિયમની ત્રણ ફ્લાઈટ્સ અવકાશમાં જઈને સુરક્ષિત પાછી ફરી ચૂકી છે. ચોથી ફ્લાઈટ પણ સુરક્ષિત રીતે અવકાશમાં પહોંચી ગઈ છે, જેમાં ભારતના શુભાંશુ શુક્લા સહિત અમેરિકા, પોલેન્ડ અને હંગેરીના અવકાશયાત્રીઓ છે. આ મિશનમાં જવા માટે કરોડો રૂપિયામાં સીટ બુક કરવી પડે છે. ૨૫ જૂને બપોરે લગભગ ૧૨ વાગે સ્પેસક્રાફ્ટમાં સવાર ચારેય અવકાશયાત્રીએ કેનેડી સ્પેસ સેન્ટરથી ઉડ્ડયન ભર્યું. લગભગ ૨૮ કલાકની સફર બાદ ૨૬ જૂને સાંજે ૪:૦૧ વાગે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર પહોંચી ગયા. આ સાથે શુભાંશુ શુક્લા ISS પર જનાર પ્રથમ ભારતીય અને ૧૯૮૪માં રાકેશ શર્મા બાદ અવકાશમાં જનાર બીજા ભારતીય બન્યા.

## જૂનાગઢનો વિલિંગ્ડન ડેમ ઓવરફ્લો, ખેડવા ડેમના દરવાજા ખોલાયા



રાજ્યમાં ૧૬ જૂને થયેલી ચોમાસાની એન્ટ્રી બાદ ૧૧ દિવસમાં મેઘરાજાએ આખા રાજ્યને કવર કરી લીધી છે. જ્યારે આ વર્ષે ચોમાસું ધમાકેદાર રહેવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. આજે અષાઢી બીજના દિવસે વહેલી સવારથી રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં મેઘમહેર યથાવત્ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૧૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેમાં સૌથી વધુ જૂનાગઢના માળિયા હાટીનામાં સવાછ ઈંચ જેટલો વરસાદ પડતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. જ્યારે આજે ૬ જિલ્લામાં રેડ, ૧૦ જિલ્લામાં ઓરેન્જ અને ૧૨ જિલ્લામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે.ખેડા જિલ્લામાં જીવાદોરી સમાન વણાકબોરી વિયર આજે ૨૨૨.૭૫ ફુટે ઓવરફ્લો થયો છે. ઉપરવાસમાં થયેલા ભારે વરસાદના પગલે આ વિયરમા પાણીની આવક થતાં આ વિયર ઓવરફ્લો થયો છે. આજે શુક્રવારે આ વિયરમા પાણીની સ્થિતિ જોઈએ તો, ૨૨૧.૨૫ ફુટમા પાણીથી છલોછલ છે. આ પાણીની આવક થતાં મહિસાગર નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. જેના કારણે મહીસાગર નદીમાં પણ નવા નીર આવ્યા છે.

## મેરઠ બાદ લુધિયાણામાં વાદળી ડ્રમમાં લાશ મળતા સનસનાટી મચી

ઉત્તર પ્રદેશના મેરઠ અને હવે પંજાબના લુધિયાણામાં વાદળી ડ્રમમાંથી એક મૃતદેહ મળી આવતા ભારે સનસનાટી ફેલાઈ ગઈ હતી. શેરપુર વિસ્તારમાં ડ્રમની અંદર પ્લાસ્ટિકની થેલીમાં મૃતદેહ લપેટાયેલો હતો. તેના પગ અને ગરદન દોરડાથી બાંધેલા હતા. ડ્રમમાંથી દુર્ગંધ આવતા સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહ કબજે કરીને તપાસ હાથ ધરી છે.

અહેવાલ મુજબ, મૃતકની ઓળખ થઈ નથી અને તેની હત્યાનું કારણ પણ જાણવા મળ્યું નથી. પોલીસના જણાવ્યાનુસાર, મૃતક સ્થાનિક હોવાનું લાગતું નથી. તેની ઓળખ માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને હત્યારાઓની શોધ કરવામાં આવી રહી છે.

પોલીસના જણાવ્યાનુસાર, ડ્રમમાંથી મળેલા મૃતદહ પર કોઈ ઈજાના નિશાન નથી, પરંતુ તેની હાલત ખરાબ છે. તેને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યું છે. પોસ્ટમોર્ટમ પછી જ ખબર પડશે કે વ્યક્તિનું મૃત્યુ કયા સંજોગોમાં થયું. એવું માનવામાં આવે છે

## નેતાજીના ડ્રાઈવરને રૂ.૧૫૦ કરોડની જમીન ગિફ્ટમાં, સરકારે તપાસ શરૂ કરી




મહારાષ્ટ્રમાં નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે શિવસેના સાંસદના ડ્રાઇવરને ૧૫૦ કરોડ રૂપિયાની જમીન ભેટમાં આપવાના મામલે વિવાદ ઉભો થયો છે. હૈદરાબાદના દીવાન રહી ચૂકેલા પ્રખ્યાત સાલાર જંગના પરિવાર દ્વારા આ જમીન ગિફ્ટ કરવામાં આવી છે.

### નેતાજીના ડ્રાઈવરને રૂ.૧૫૦ કરોડની જમીન ગિફ્ટમાં મળી

છત્રપતિ સંભાજીનગરના સાંસદ સંદીપનરાવ ભૂમરેના ડ્રાઇવર જાવેદ રસૂલ શેખને ભેટમાં આપવામાં આવેલી જમીનની કિંમત લગભગ ૧૫૦ કરોડ રૂપિયા છે. એક સામાન્ય ડ્રાઇવરને ૧.૫ અબજ રૂપિયાની ભેટ આપવામાં આવતા લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે.

### ૧૩ વર્ષથી છે શિવસેના સાંસદના ડ્રાઈવર

ડ્રાઈવર જાવેદ રસૂલ શેખ છેલ્લા ૧૩ વર્ષથી શિવસેના સાંસદ સંદીપનરાવ ભૂમરે અને ધારાસભ્યના પુત્ર વિલાસ ભૂમરેની કાર ચલાવી રહ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે હૈદરાબાદના પ્રખ્યાત સાલાર જંગ પરિવારે મને સંભાજીનગરના જાલના રોડ પર દાઉદપુરામાં કિંમતી જમીન દાનમાં આપી હતી. તેમના દાવાના સમર્થનમાં, તેમણે હિબાનામા એટલે કે દાન પત્ર પણ રજૂ કર્યું છે, જેના પર સાલાર જંગના વારસદારોમાંના એક મીર મઝહર અલી ખાન અને તેમના ૬ સંબંધીઓના હસ્તાક્ષર છે.

## અમદાવાદમાં નિકોલ-ઓઢવ-દરિયાપુરમાં વરસાદની પહેલી ઝાપટમાં ત્રણના મોત



સ્માર્ટ સિટી અમદાવાદ એક દિવસમાં બે-ચાર ઈંચ વરસાદ ખમી શકે તેટલી વ્યવસ્થા પણ મ્યુનિ. તંત્ર દ્વારા કરાઈ નથી. ચોમાસાના પ્રથમ રાઉન્ડમાં જ મ્યુનિ.ની ધોર બેદરકારીના લીધે નિકોલ, દરિયાપુર અને ઓઢવમાં ત્રણ લોકો મોતને ભેટ્યા છે. ત્યારે શહેરીજનો માટે રસ્તા પર મોતના કૂવા બનાવનાર જવાબદાર અધિકારીઓ સામે એફઆઈઆર દાખલ કરવા તેમજ તેમના પરિવારને યોગ્ય વળતર આપવા વિપક્ષ નેતા દ્વારા માંગ કરાઈ છે. અમદાવાદના પૂર્વમાં બુધવારે સાંજે ખાબકેલા બે-ચાર ઈંચ વરસાદમાં જ શહેરમાં આભ ફાટ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. માર્ગો જળબંબાકાર, ઉપરાંત ચોમાસા ટાણે જ આડેધડ કરાયેલા ખોદકામના લીધે ઓઢવમાં ટુ-વ્હીલર ખાડામાં ગરક થતાં ચાલકનું મોત થયું હતું, જ્યારે ગત અઠવાડિયે પડેલા વરસાદમાં દરિયાપુરની દૂધવાળી પોળમાં સ્ટ્રીટ લાઈટના ખુલ્લા વાયરના કારણે કરંટ લાગતા એક વ્યક્તિ મૃત્યુ પામી હતી.

## ઉત્તર ગુજરાતમાં ૫૩ વર્ષ પછી તબાહીઃ પશુઓ વરસાદી પાણીમાં ઘસડાતા દૃશ્યોની દયવિદારક તસવીરો



મહાદેવનો ચમત્કાર જુઓ. પાલનપુરના રતનપુર ગામમાં રામેશ્વર મહાદેવ મંદિર પર વીજળી પડી. કડાકા-ભડાકા સાથે મંદિર પર પડેલી વીજળીના કારણે જળાધારીના પથ્થરો ૨૦૦ ફૂટ દૂર સુધી ઊડીને પડ્યા, પણ શિવલિંગને કોઈ નુકસાન થયું નહિ. ઉત્તર ગુજરાતનું પાલનપુર હોય કે મહેસાણા, અવિરત વરસાદને કારણે હાલત કફોડી બની છે.ગામડાંની હાલત તો વધારે ખરાબ છે. ખેતરો તળાવ બની ગયાં છે. કાચાં મકાનો પડી ગયાં છે. સિમેન્ટના મજબૂત રસ્તા તૂટી ગયા છે.હજી હમણાં પાંચ દિવસ પહેલાં ઉત્તર ગુજરાતમાં એવો વરસાદ વરસ્યો કે જોનારા તો એવું જ કહે છે કે અમે અમારી જિંદગીમાં આવો વરસાદ જોયો નથી. બે ફૂટ દૂરનુંય કાંઈ દેખાય નહીં.

## કોંગ્રેસ સાંસદનો પ્રશ્નઃ ફક્ત CIBIL ખરાબ હોવાને કારણે કોઈની નોકરી ન છીનવી શકાય



ક્રેડિટ સ્કોર એજન્સી CIBILના રેટિંગ અંગે ફરી એક વખત વિવાદ ઉભો થયો છે. તાજેતરમાં જ મદ્રાસ હાઈકોર્ટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા એક ઉમેદવારની નિમણૂક રદ કરવાના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો હતો અને SBI દ્વારા પસાર કરાયેલા આદેશમાં હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કરી દીધો હતો. હવે આ મામલે કોંગ્રેસ સાંસદ કાર્તિ ચિદમ્બરમે વાંધો ઉઠાવ્યો છે. વાસ્તવમાં SBIએ સંબંધિત ઉમેદવારની નોકરી છીનવી લેવા પાછળ એ તર્ક આપ્યો હતો કે, તેના CIBIL રિપોર્ટમાં લોન ચુકવણી અંગે કેટલીક નાણાકીય ગેરરીતિ સામે આવી હતી.

કોંગ્રેસ સાંસદે ઊઠાવ્યાં સવાલ. આ મામલે મદ્રાસ હાઈકોર્ટે કહ્યું હતું કે, બેંકિંગ જેવા સંવેદનશીલ ક્ષેત્રમાં કામ કરતા લોકો પાસેથી નાણાકીય શિસ્તની અપેક્ષા રાખવામાં આવે છે.

બીજી તરફ કોંગ્રેસના સાંસદ કાર્તિ પી. ચિદમ્બરમે આ નિર્ણય સામે ગંભીર વાંધો ઉઠાવ્યો છે. તેમણે CIBIL સ્કોરની માન્યતા અને પ્રક્રિયા પર સવાલ ઉઠાવ્યા છે.

## NHAIએ સ્વીકાર્યું રાજકોટ-સોમનાથ હાઈવે પર ૫ ડિવાઈડર અને ૧૭૩ રસ્તા ગેરકાયદે, ૪નાં મોત




મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગર લોકસભા બેઠકના સાંસદ સંદીપનરાવ ભૂમરેના ડ્રાઈવરના નામ પર ૧૫૦ કરોડ રૂપિયાની જમીન નોંધાઈ છે. તેને ગિફ્ટ ડીડ તરીકે નોંધાવવામાં આવી છે, પરંતુ હવે તેના પર સવાલ ઉઠી રહ્યા છે કે, આખરે કેમ સાંસદના ડ્રાઈવરને આટલી મોટી રકમની જમીન ગિફ્ટ કરવામાં આવી? ડ્રાઈવરનું નસીબ રાતોરાત બદલાઈ જવાના આ મામલાએ રાજકીય વર્તુળોમાં પણ ચર્ચા જગાવી છે. આ જમીન કોઈ સામાન્ય પરિવારની નથી પરંતુ સાલાર જંગ પરિવારની છે, જે એક સમયે હૈદરાબાદના દિવાન હતા. હવે આ કેસની તપાસ મહારાષ્ટ્રની આર્થિક ગુના શાખા દ્વારા હાથ ધરવામાં આવી છે અને તે તપાસ કરી રહી છે કે આખરે સાંસદના ડ્રાઈવરનો સાલાર જંગ પરિવાર સાથે શું સંબંધ છે. ડ્રાઈવર જાવેદ રસૂલ શેખ છેલ્લા ૧૩ વર્ષથી સાંસદ સંદીપનરાવ ભૂમરે અને તેમના પુત્ર વિલાસ ભૂમરેની કાર ચલાવી રહ્યો છે. આ કેસમાં જાવેદ રસૂલ શેખનું કહેવું છે કે, હું પોલીસને સંપૂર્ણ સહયોગ કરી રહ્યો છું. એક અહેવાલ પ્રમાણે જાવેદ રસૂલે કહ્યું કે મારો સાલાર જંગ પરિવાર સાથે ખૂબ સારા સંબંધો છે. તેથી જ તેમણે મને આ જમીન ભેટમાં આપી છે. આ જમીન જાલના રોડ પર દાઉદપુરા વિસ્તારમાં છે, જે ખૂબ જ પ્રાઈમ લોકેશન છે. આવી સ્થિતિમાં સાલાર જંગ પરિવારે આ જમીન ડ્રાઈવરના નામે કેમ રજીસ્ટર કરાવી દીધી તે ચર્ચાનો વિષય છે.

## પ્લેન ક્રેશ મામલે ભારતે યુએનની તપાસમાં ભાગીદારી આપવાનો પ્રસ્તાવ નકાર્યો



અમદાવાદમાં ૧૨ જૂનના રોજ બનેલા એર ઈન્ડિયા પ્લેન ક્રેશની તપાસમાં સહયોગ આપવા માટે યુનાઈટેડ નેશન્સ દ્વારા તપાસકર્તાઓને સામેલ કરવાની માગ ભારતે ફગાવી દીધી છે. મીડિયા રિપોર્ટ્સમાં જણાવ્યું છે કે, ભારત યુએનને આ તપાસમાં સામેલ કરવા માગતુ નથી. બીજી તરફ અમુક સિક્યોરિટી એક્સપર્ટ્સે બ્લેક બૉક્સના ડેટાનું વિશ્લેષણ કરવામાં વિલંબની ટીકા પણ કરી છે. યુએનનો પ્રસ્તાવ ફગાવ્યો અમદાવાદમાં ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ બપોરે ૧.૪૦ વાગ્યે બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર દુર્ઘટનામાં ૨૫૯ લોકોના મોત થયા હતાં. આ દુર્ઘટના પાછળનું કારણ જાણવા અમેરિકાની તપાસ એજન્સી પણ સહયોગ આપવા ભારત આવી પહોંચી હતી. તપાસમાં સહયોગ આપવા માટે યુનાઈટેડ નેશન્સની વિમાન એજન્સીએ પોતાની તપાસ ટીમ મોકલવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. પરંતુ ભારતે તેનો જરૂર ન હોવાનુ કહી ઈનકાર કરી દીધો છે. ભારતે અગાઉ કહ્યું હતુ કે, એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરો મારફત અમે તમામ ICAO પ્રોટોકોલનું પાલન કરી રહ્યા છીએ. યુએનની મદદની જરૂર નથી.

## નવાપુરામાં પ્રવેશોત્સવ યોજાયો



**મહેશ ઠાકોર** - ગાંધીનગર જિલ્લાના નવાપુરા ગામે ધોરણ ૧ તથા બાલ વાટિકા નો શાળા પ્રવેત્સવ નું આયોજન કરવામાં આવતા તાલુકા પ્રમુખ મહોબતસિંહ, ગામના સરપંચ રાહુલ ભાઈ થતાં ગામ લોકો ખૂબ જ મોટી સંખ્યામાં માં ઉપસ્થિત રહી નાના ભૂલકાઓને પ્રવેશ આપ્યો હતો.

## અમદાવાદ રથયાત્રાઃ થીમટ્રકોનું આકર્ષણ અને નાની બાળકીના કરતબો જોઇને દર્શકો મંત્રમુગ્ધ



અમદાવાદમાં ભગવાન નગરચર્યાએ નીકળ્યા છે. હર્ષોલ્લાસના વાતાવરણ વચ્ચે અવનવી થીમ પર શણગારેલા ટ્રકોએ આકર્ષણ જમાવ્યું છે. આ વર્ષે અખાડાઓમાં નાની બાળકીઓના કરતબે તમામને આશ્ચર્યમાં મુકી દીધા છે.

જ્યારે ભજન મંડલીઓના સુરથી ભક્તિમય બનેલા માહોલનું AIથી મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

## ઝારખંડના ૧૫ લોકો યુએઇમાં ફસાયા, ખાવાના પણ લાલા વિદેશ જવાનું સપનું તૂટ્યું



ઝારખંડના ૧૫ કામદારો યુએઈના અબુ ધાબીમાં ફસાયા હોવાની ઘટના સામે આવી છે. આ લોકો ત્યાં કામ કરવા ગયા હતા, પરંતુ છેલ્લા કેટલાક મહિનાથી તેમના માટે પરિસ્થિતિ ખૂબ જ કફોડી બની ગઈ છે. જે કંપનીમાં તેઓ કામ કરે છે તે કંપનીએ તેમને ૩ મહિનાથી સેલેરી નથી આપી. આ તમામ લોકોને ટ્રાન્સમિશન લાઈન નાખવા માટે લઈ જવામાં આવ્યા હતા. આ કામદારોની સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે, તેમની પાસે મકાનનું ભાડું અને વીજળીનું બિલ ચૂકવવા તથા ખાવા માટે પણ પૈસા નથી. તેમને ખાવાના પણ ફાંફા પડી રહ્યા છે. આ તમામ લોકો ઝારખંડના હજારીબાગ અને ગિરિડીહ જિલ્લાના નિવાસી છે. તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારને અપીલ કરી છે કે અમને અમારા પરિવાર પાસે પરત લાવવામાં મદદ કરો. છેલ્લા ૩ મહિનાથી પગાર નથી મળ્યો. આ તમામ કામદારો જાન્યુઆરી ૨૦૨૪માં અબુ ધાબી ગયા હતા. આ લોકોમાંથી એક ચારુમા એક ન્યૂઝ ચેનલને જણાવ્યું કે, 'કામ પર રાખતી વખતે કોન્ટ્રાક્ટરે કહ્યું હતું કે, અમારી કંપની ૧૦ વર્ષથી વધુ સમયથી અહીં કામ કરી રહી છે અને વિશ્વસનીય છે. હવે છેલ્લા ૩ મહિનાથી અમને પગાર નથી મળ્યો. મકાનમાલિકે અમારું પાણીનું કનેક્શન કાપી નાખ્યું છે અને અમને ઘરમાંથી કાઢી મૂકવાની ધમકી આપી છે.'

## પહેલી ટેસ્ટમાં હાર બાદ શમી ભડક્યો કહ્યું બુમરાહ પાસેથી તો શીખો



લીડ્સમાં રમાયેલી પહેલી ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયાને ઈંગ્લેન્ડ સામે ૫ વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતીય બોલર્સ બીજી ઈનિંગમાં ૩૭૧ રનના ટાર્ગેટનો બચાવ કરી શક્યા ન હતા. પહેલી ઈનિંગમાં ૫ વિકેટ લેનાર જસપ્રીત બુમરાહ પણ વિકેટ માટે સંઘર્ષ કરતો રહ્યો હતો. શમી આ ટેસ્ટમાં ભારતની બોલિંગથી નારાજ લીડ્સ ટેસ્ટ મેચમાં ભારતીય ટીમની કારમી હાર બાદ, ફાસ્ટ બોલર મોહમ્મદ શમીની પ્રતિક્રિયા સામે આવી છે. શમી આ ટેસ્ટમાં ભારતની બોલિંગથી નારાજ દેખાય છે. લીડ્સ ટેસ્ટ મેચમાં, ભારતીય બોલર્સે બંને ઈનિંગ્સમાં ૪.૫ થી વધુના રન રેટથી રન આપ્યા હતા. ભારતીય બોલર્સમાં, ફક્ત જસપ્રીત બુમરાહ અસરકારક દેખાતો હતો. ભારતીય બોલર્સે જસપ્રીત બુમરાહ પાસેથી શીખવું જોઈએઃ શમી નારાજગી વ્યક્ત કરતા મોહમ્મદ શમીએ કહ્યું કે, 'બાકીના ભારતીય બોલર્સે જસપ્રીત બુમરાહ પાસેથી શીખવું જોઈએ અને મેદાન પર તેને સંપૂર્ણ ટેકો આપવો જોઈએ.

બુમરાહએ પહેલી ઈનિંગમાં ૫ વિકેટ લીધી હતી, પરંતુ બીજી ઈનિંગમાં ઈંગ્લિશ બોલર્સે આ સ્ટાર બોલર સામે કોઈ જોખમ લીધું ન હતું, જેના કારણે તેઓ કોઈ વિકેટ મેળવી શક્યા ન હતા.

## સ્પર્મ વ્હેલની ઊલટી દુર્ગંધમાંથી પર્ફ્યૂમનો ખજાનો, તરતું સોનું કેવી રીતે બને છે




વડોદરા એલસીબી ઝોન-૨ની ટીમે તાજેતરમાં દુર્લભ 'તરતા સોના' તરીકે ઓળખતી સ્પર્મ વ્હેલ માછલીની શંકાસ્પદ ઊલટી (એમ્બરગ્રીસ) પકડી પાડી હતી. પોલીસે ૫ કિલો ઉપરાંત એમ્બરગ્રીસ સાથે ૬ જણાને પકડી પાડ્યા હતા. પોલીસે ૫ કિલો એમ્બરગ્રીસની કિંમત રૂ.૧.૫૮ કરોડ રૂપિયા ગણી છે. જો કે, ગેરકાયદે વેચાણના માર્કેટમાં તેની એક કિલોની કિંમત ૧થી ૨ કરોડ રૂપિયા જેટલી છે. સુરતથી એક શખસ એમ્બરગ્રીસ વેચવા વડોદરા આવ્યો હતો. જોકે, પોલીસ આવતા તે શખ્સ ભાગી ગયો હતો.

## ગુજરાત હાઇકોર્ટથી આસારામને રાહત, હંગામી જામીન ૭ જુલાઇ સુધી લંબાયો



ગુજરાત હાઈકોર્ટે શુક્રવારે (૨૭ જૂન)ના રોજ દુષ્કર્મ કેસ મામલે આસારામને મોટી રાહત આપી છે. કોર્ટે તેની કામચલાઉ જામીનને ૭ જુલાઈ સુધી લંબાવી દીધા છે. આ કેસમાં તે આજીવન કેદની સજા ભોગવી રહ્યા છે. જસ્ટિસ ઈલેશ વોરા અને સંદીપ ભટ્ટની ખંડપીઠે અરજીની સુનાવણી દરમિયાન આસારામના હંગામી જામીનને ત્રણ મહિના લંબાવી દીધા હતા, જે અગાઉ ૨૮ માર્ચે આપવામાં આવ્યા હતા. તે જામીન ૩૦ જૂને પુરા થઈ રહ્યા હતા. ૮૬ વર્ષીય આસારામ સ્વાસ્થ્ય સંબંધિ સમસ્યાને લઈને જામીન પર છે. જામીન એટલા માટે વધારવામાં આવ્યા છે જેથી તેમનો વકીલ અરજીમાં જરૂરી દસ્તાવેજો જમા કરાવી શકે. આ મામલા પર આગામી સુનાવણી ૨ જુલાઈએ થશે. આસારામના વકીલે દસ્તાવેજો જમા કરવા માટે વધુ થોડા દિવસનો સમય માગતા દાવો કર્યો કે કોર્ટે ૨૮ માર્ચે હંગામી જામીન આપ્યા બાદ જોધપુર હાઈકોર્ટમાંથી આદેશ મળવાની પ્રક્રિયાને કારણે ૧૦ દિવસ બરબાદ થઈ ગયા હતા અને આસારામને ૯ એપ્રિલે છોડવામાં આવ્યા હતા. તેમણે કહ્યું, 'તેથી હું બે દિવસનો સમય આપવા વિનંતી કરું છું જેથી જો સોમવારે આ મામલે સુનાવણી થાય, તો હું દસ્તાવેજો રેકોર્ડ પર રાખી શકું અને તેને વેરિફાઇ કરી શકું.'

## એક તરફ પ્રવેશોત્સવ, બીજીતરફ સ્કૂલોમાં માત્ર એક જ શિક્ષક



એક તરફ, બાળકોથી ભણતરથી વંચિત રહી ન જાય તે હેતુસર ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાયો છે. બીજીતરફ, શાળાઓની એવી દશા છેકે, એક શિક્ષક એક કરતાં વધુ ધોરણના વિદ્યાર્થીઓને ભણાવી રહ્યાં છે. 'ભણશે ગુજરાત'ના નારાં લગાવવામાં આવી રહ્યાં છે ત્યારે સવાલ એ ઉઠ્યો છે કે,શાળાઓમાં વિદ્યાર્થીઓને ભણાવશે કોણ...ગુજરાત શિક્ષણક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે તેવી ડિંગો હાંકવામાં આવી રહી છે ત્યારે કડવી હકીકત એ છેકે, શાળાઓમાં શિક્ષણની સ્થિતી વધુ બદતર બની છે. શાળા પ્રવેશોત્સવ ઉજવી સરકારી તાયફા કરવામાં આવી રહ્યાં છે.

મંત્રીઓથી માંડીને આઈપીએસ-આઈએએસ અધિકારીઓ પ્રવેશોત્સવમાં ભાગ લઈ રહ્યાં છે પણ આ જ શાળાઓની એવી દશા છેકે, પુરતા શિક્ષકો નથી.

## અમેરિકામાં ભારે બેરોજગારી, ગ્રેજ્યુએટને પણ નોકરી મુશ્કેલ




અમેરિકાના કોલેજ ગ્રેજ્યુએટ્સ આ વખતે દાયકાના સૌથી આકરા જોબ માર્કેટનો સામનો કરી રહ્યા છે. તેનું કારણ એ છે કે અમેરિકન કંપનીઓ જોઈએ તેટલી ઝડપથી હાયરિંગ કરી રહી નથી. અમેરિકામાં ૨૨થી ૨૭ વર્ષની વયના લોકોમાં બેરોજગારીનો દર છેલ્લા કેટલાય વર્ષોની ટોચની સપાટીએ પહોંચી ગયો છે. આ જૂથમાં બેરોજગારી પ્રવર્તમાન બેરોજગારી દર કરતા ઘણી ઊંચી અને ત્રણ દાયકા કરતાં પણ વધુ સમયના સર્વોચ્ચ સ્તરે છે.

ટ્રમ્પ દ્વારા વધારવામાં આવેલા ટેરિફના કારણે આર્થિક અનિશ્ચિતતા વધી જ્યારે એક સમય હતો જ્યારે સ્ટુડન્ટ કોલેજમાંથી નીકળે ત્યારે ભરતી થઈ જતી હતી. બેરોજગારીમાં થયેલા આ વધારાએ અર્થશાસ્ત્રીઓ સાથે ફેડ રિઝર્વના અધિકારીઓને પણ ચિંતામાં મૂકી દીધા છે. બેરોજગારીમાં વધારો તે અર્થતંત્ર મુશ્કેલીમાં હોવાના સંકેતો છે. આ સૂચવે છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા વધારવામાં આવેલા ટેરિફના કારણે વધેલી આર્થિક અનિશ્ચિતતાના કારણે કંપનીઓ નવી ભરતી કરવાનું ટાળી રહી છે, તેના કારણે વૃદ્ધિદર ધીમો પડ્યો છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની વૃદ્ધિના કારણે પણ અસર થઈ રહી છે લેબર ફોક્સ વિન્ક ટેન્ક અપજોહન ઈન્સ્ટિટ્યુટના સીનિયર ઈકોનોમિસ્ટ બેડ હસ્પેંસને જણાવ્યું હતું કે આર્થિક અનિશ્ચિતતાનો ભાગ યુવાનો બની રહ્યા છે. આર્થિક સ્થિતિમાં અનિશ્ચિતતા પ્રવર્તતી હોય ત્યારે એન્ટ્રી લેવલ પોઝિશન પર ભરતીઓ કરવામાં આવતી નથી.

# પ્રવેશોત્સવ-ભવિષ્યના સપનાનું શિલાન્યાસ!!

અરવલ્લીની ગિરિમાળાઓમાં અંતરિયાળ અને અતિ પછાત વિસ્તારમાં આવેલી સ્વામી વિવેકાનંદ ઉત્તર બુનિયાદી વિદ્યાલય કુંડોલ, કાગડા મહુડા માં શિક્ષણ એ દેશના વિકાસની મજબૂત પાયાની ઈંટ છે આ વાક્યને સાર્થક કરતો ધોરણ નવ ના ૫૧વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશોત્સવ માનનીય IPS શ્રી મનોજભાઈ નીનામા સાહેબના અધ્યક્ષ સ્થાને આજરોજ યોજાયો. શાળાના આચાર્ય શ્રી કમલેશભાઈ પટેલ દ્વારા કાર્યક્રમની રૂપરેખા, સંસ્થાની સિદ્ધિઓ વર્ણવવામાં આવી હતી, તેમજ મહેમાન શ્રીઓનું શાબ્દિક તેમજ ચાલ સરપાવથી સ્વાગત કરવામાં આવ્યું હતું, મહેમાન શ્રીઓના હસ્તે ધોરણ નવ ના ૫૧ વિદ્યાર્થીઓને સ્કુલ બેગ, વોટર બેગ, કંપાસ બોક્સ, જેવી શૈક્ષણિક કીટ આપીને શાળા પ્રવેશોત્સવ કરાવવામાં આવ્યો





હતો, ધોરણ ૧૦ માર્ચ ૨૦૨૫ માં પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને અધ્યક્ષ શ્રી ના હસ્તે રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો જેના દાતાશ્રી શંકરભાઈ કળબ નિવૃત શિક્ષક એ યોગદાન આપ્યું હતું, સંસ્થાના સંચાલક શ્રી સોનજીભાઈ બારીયા સાહેબે આઈપીએસ અધિકારી શ્રી અમારી સંસ્થાના આશ્રમ શાળાના પૂર્વ વિદ્યાર્થી હોવાથી ગુરુ શિષ્યની તેમજ તેમના જીવનમાંથી વિદ્યાર્થીઓને આગળ આવવાની પ્રેરણા આપી હતી, જિલ્લા સદસ્ય શ્રી વનરાજભાઈ ડામોર સાહેબે અંતરિયાળ અને અતિ પછાત વિસ્તારના બાળકોને શિક્ષણમાં જાગૃતતા લાવવા માટેના શાળા દ્વારા થઈ રહેલા પ્રયત્નોને બિરદાવ્યા હતા, કાર્યક્રમના અધ્યક્ષ શ્રી આઈપીએસ મનોજભાઈ નીનામા સાહેબે માતૃ સંસ્થામાં આવવાનો મોકો મળ્યો એ બદલ ગૌરવ અનુભવી રહ્યા હતા તેમજ વિદ્યાર્થીઓને આવનારા ભવિષ્યને ધ્યાને રાખી ઉત્તમ કોટીનું શિક્ષણ મેળવવાનું તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓની વિશદ ચર્ચા કરી વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા, તેમજ શાળા દ્વારા થઈ રહેલી પ્રવૃત્તિઓને બિરદાવી હતી, તેમજ તેમના ગુરુજી સોનજી દાદા નું સન્માન તેમના હસ્તે કર્યું હતું ,પર્યાવરણના જતનના સંકલ્પને સાર્થક કરતો વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું ગામમાંથી અગ્રણીઓ તેમજ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા, શાળાના શિક્ષક શ્રી ધ્રુવકુમાર કે પટેલે સમગ્ર કાર્યક્રમની આભાર વિધિ કરી હતી, સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ જહેમત ઉઠાવા બદલ શાળાના આચાર્યશ્રી કમલેશભાઈ પટેલે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.-અખંડ ભારત

# ખાનપુર માં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો



સોનલ ડામોર - કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫ ખાનપુર તાલુકાની શેઠ એમ એલ વિદ્યામંદિર - ખાનપુર ખાતે ધોરણ-૯ માં ૨૧૫ વિદ્યાર્થીઓ અને ધોરણ -૧૧ માં ૧૧૫ વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ કરાવ્યો વૃક્ષારોપણ તેમજ વિદ્યાર્થઓ સાથે સંવાદ કર્યો હતો. જેમાં તાલુકા ના અધિકારી જયેશભાઈ ડામોર, કારંટા જિલ્લા પંચાયત સીટ ના પ્રતિનિધિ ગજેન્દ્રસિંહ માલીવાડ, ટ્રસ્ટી બકાકાકા, શાળાના આચાર્ય પી. પી. પંચાલ, વાલિઓ તેમજ મોટી સંખ્યા માં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા- અખંડ ભારત

# વડવાસા ગામ પંચાયતનું પરિણામ જાહેર

ભરતસિંહ રાઠોડ - વડવાસા ગ્રામ પંચાયતની ચૂંટણી તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાયેલ. જેમાં ૩ ઉમેદવારોએ સરપંચના હોદ્દા પર ઉમેદવારી નોંધાવી હતી. ગામમાં કુલ ૮ વોર્ડ છે. જેમાં વોર્ડ ૪ માં સભ્યની ચૂંટણી યોજાઈ હતી. ગામમાં કુલ મતદારો ૧૮૭૫ હતા. જેમાંથી ૧૭૧૫ મતદારોએ મતદાન કર્યું હતું. તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ પરિણામ જાહેર થયેલ તે મુજબ સરપંચ પદના યુવા ઉમેદવાર




સત્યેષા જગદીશચંદ્ર લેઉવાએ ૫૯૬ મત મેળવી અને ૧૦૪ મતથી વિજયી બન્યા. હતા.- અખડં ભારત

# લુણાવાડામાં ચેક રિટર્ન કેસમાં નિર્દોષ છુટકારો

જતીન જોશી - ચેક રિટર્ન કેસમાં નિર્દોષ નાગરિકોના પાસેથી ચેકો મેળવી ખોટી ખોટી રકમ ભરી મોટી રકમ પડાવતા કેસમાં તાજેતરમાં લુણાવાડા ના મહે. એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ શ્રી પી સી સોની સાહેબે ન્યાય પ્રણાલી પર નાગરિકોના વિશ્વાસ મજબૂત બનાવતો ચુકાદો આપતા ચેક રિટર્ન કેસમાં નિર્દોષ વ્યક્તિને ભારે રાહત મળી છે કેસની હકીકત એવી છે કે હરદાસપુર તાલુકો લુણાવાડા ના પ્રભાતસિંહ મોહનભાઈ સોલંકી ના ઓ એ તેઓના કહેવાતા લહેણા પેટે કેતનકુમાર રામાભાઈ વણકર રહેવાસી જુના ગોરાડા તાલુકો લુણાવાડાના પાસેથી કોરા સહીવાળા ચેક મેળવી લઈ કહેવાતા નાણાંની કડક ઉઘરાણી કરતા વ્યાજખોર ફરિયાદીના ત્રાસથી આરોપીએ ઝેરી દવા પી જઈ આત્મહત્યા કરવાનો પ્રયાસ કરેલો આરોપી પાસેથી મેળવેલ ચેકના રૂપિયા ૧૭ લાખ ૪૫ હજાર જેવી રકમ ભરી આરોપીના ખાતામાં દેખાડ કરી એક રિટર્ન થતા ફરિયાદી પ્રભાતસિંહ ના ઓ એ લુણાવાડા ને. ઈ. એક્ટ ની કલમ ૧૩૮ મુજબ ફરિયાદ કરેલ સદર કેસમાં બચાવ પક્ષે ગોધરાના ધારા શાસ્ત્રી સોનાલી ચૌહાણ હાજર રહી આરોપી પક્ સે ગોધરાના ધારા શાસ્ત્રી સોનાલી ચૌહાણ હાજર રહી આરોપી પક્ષ તમામ સત્ય હકીકતો નામદાર કોર્ટમાં ધ્યાનમાં લાવતા તેમજ વકીલ શ્રી એ ફરિયાદીની કરેલ ઉલટ તપાસ તથા ધારદાર દલીલો આરોપીની ઉલટ તપાસ તથા નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈ પુરાવાને અભાવે આરોપીને ધીરે ધી. નેગો. ઈન્સ્ટ્રુ. એક્ટની કલમ ૧૩૮ માં શિક્ષા ને ગુનામાં શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરેલ છે .-અખંડ ભારત

# કોડીયાવાડામાં ભગવાન જગન્નાથજીની ભવ્ય શોભાયાત્રામાં ભક્તો ઝૂમી ઉઠ્યા





ડૉ.ચંદુભાઈ પટેલ -અષાઢ સુદ દ્વિતીય તિથિ અષાઢી બીજ નિમિત્તે વિજયનગર તાલુકાના કોડિયાવાડામાં ભગવાન જગન્નાથ ભાઈ બલરામ અને બહેન સુભદ્રા સાથે નગરચર્યાએ નીકળ્યા હતા. સમગ્ર પંથકમાંથી ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું રથયાત્રા ગંગેશ્વર મહાદેવથી પ્રયાણ કરી પંચમુખી હનુમાનજીના મંદિરે વિસામો લીધો હતો ત્યારબાદ આરતી કરી સર્વે ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ સમગ્ર આયોજનમાં દાતાશ્રીઓએ વિવિધ યોગદાન આપ્યું હતું અને શોભાયાત્રા ને સફળ બનાવવા માટે સૌ ગામના યુવાનો, માતાઓ અને વડીલો સહભાગી બન્યા હતા.-અખંડ ભારત

# શિનોરમાં પ્રવેશોત્સવ યોજાયો



શબ્બીર રાઠોડ - સાધલી પીએમ શ્રી પ્રાથમિક શાળામાં આજરોજ તારીખ ૨૬ જૂન સવારના ૧૧:૩૦ કલાકે નાયબ પશુપાલન નિયામક સી.એમ.રાણા ના હસ્તે દીપ પ્રાગટ્ય કર્યા પછી કાર્યક્રમ શરૂ થયો, શાળાના આચાર્ય અશોક પ્રજાપતિ તથા બાળકોએ સ્વાગત ગીત રજૂ કરી સ્વાગત કર્યું , ઉપસરપંચ સંકેત પટેલ દ્વારા પ્રવેશ લેતા તમામ બાળકોને સ્કૂલબેગ આપવામાં આવી અને સહકારી અગ્રણી મુકેશ બિરલા દ્વારા તમામ બાળકોને અંદાજે ૨૦૦૦ નોટ બુકો આપી હતી. આ પ્રસંગે સરપંચ મનિષા પટેલ, સરપંચપતિ જયેશ પટેલ, સદસ્ય પતિ ભુપેન્દ્ર ગોહિલ ,આંગણવાડી સુપરવાઈઝર ચેતનાબેન પટેલ, શિક્ષકો તથા બાળકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.બી.આર.સી. શિનોર તરફથી મળેલ માહિતી મુજબ આંગણવાડીમાં પ્રવેશપાત્ર બાળકો તાલુકામાં કુલ ૧૧૯, બાલવાટિકામાં પ્રવેશપાત્ર બાળકો કુલ ૪૪૩ , ધોરણ એક માં પ્રવેશપાત્ર બાળકો ૫૨૬, ધોરણ ૯ માં પ્રવેશપાત્ર બાળકો ૭૧૬, અને ધોરણ ૧૧ માં પ્રવેશપાત્ર બાળકો ૨૬૩ છે. જેમાં કુમારો ૧૦૫૯ અને ૧૦૦૮ કન્યાઓ મળી કુલ ૨૦૬૭ નો સમાવેશ થાય છે.સાધલી ભારત વિદ્યાલય હાઈસ્કુલ માં જિલ્લા કલેકટર અનિલ ધામેલીયા ,પ્રાંત અધિકારી શિવમ બારીયા અને પશુપાલન નાયબ નિયામક સી.એમ.રાણાએ પ્રવેશ કરાવી, વૃક્ષારોપણ કર્યું હતું .-અખંડ ભારત

# પારડી તાલુકાના ૬ ગ્રામ પંચાયતના સરપંચો નું પરિણામ જાહેર



શાંતિલાલ પટેલ -પારડી તાલુકાની ની નિમખલ , નેવરી - લખમાં પોર, અરનાલા , મોટા વાઘછીપા તથા ઉમરસાડી માછીવાડ , ઉમરસાડી દેસાઈવાડ, ઉમરસાડી કોટલાવ મળી કુલ સાત ગ્રામ પંચાયતોની ચૂંટણીની મતગણતરી પારડી પ્રાથમિક કુમાર શાળા ખાતે યોજવામાં આવી હતી જેમાં નિમખલ ના મંજુલાબેન અશોકભાઈ પટેલ ૪૦૨ મતે , નેવરી લખમાપોર માં કલ્પેશભાઈ નવીનભાઈ પટેલ ૧૦૫૫ મતે , અરનાલાના સવિતાબેન હસમુખભાઈ પટેલ ૮૦૦ મતે , મોટા વાઘછીપા માં ધીરુભાઈ મગનભાઈ પટેલ ૧૦૪૫ મતે , ઉમરસાડી માછીવાડમાં ખુશ્બુબેન જવાહરભાઈ ટંડેલ ૨૮૯૫ મતે , જ્યારે કોટલાવ માં દિનેશભાઈ છોટુભાઈ હળપતિ ૮૨૮ માટે વિજય થયા હતા. પારડી પોલીસના ચુસ્ત બંદોબસ્ત ને લઈ સમગ્ર મતગણતરી દરમિયાન કોઈ છમકલું કે અનિચ્છનીય બનાવ બનવા પામ્યો નથી અને શાંતિપૂર્ણ માહોલમાં આ મતગણતરી સંપન્ન થઈ હતી- અખંડ ભારત

# મોડાસા મુકામે નશામુક્તિ કાર્યક્રમ યોજાયો



ભાવેશ જયસ્વાલ - નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત સમાજ સુરક્ષા કચેરી અરવલ્લી ધ્વારા શ્રી વા.હી.ગાંધી બહેરા મૂંગા શાળા,મોડાસા મુકામે નશામુક્તિ કાર્યક્રમ યોજાયો જેમાં સંસ્થાના વડા ડો.ટી.બી.પટેલ સાહેબ ઉપપ્રમુખશ્રી કમલેશભાઈ પટેલ અને શ્રી જીતેન્દ્રભાઈ પટેલ મંત્રીશ્રી ભાવેશભાઈ જયસ્વાલ અને શ્રી સુરેશભાઈ પટેલ તથા સમાજ સુરક્ષા અધિકારીશ્રી અને તેમની ટીમ સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થી મિત્રો આ કાર્યક્રમમાં જોડાયા અને નશાયુક્ત પદાર્થ અને તેની બનાવટથી દૂર રહી તથા સમાજમાંથી આવા દુષણ દૂર કરવા માટે વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવ્યા અને આ બાબતે પોતાના માતા પિતા તથા કુટુંબ અને સમાજમાં જાગૃતિ આવે તે માટે માહિતગાર કરવામાં આવ્યા કાર્યક્રમની અંતે શપથવિધિ કરી પ્રતિજ્ઞા લીધી અંતે કાર્યક્રમ સમાપન કરવામાં આવ્યો હતો.- અખડં ભારત

# પચકવાડા પ્રાથમિક શાળા માં પ્રવેશોત્સવ યોજાયો

ઠાકોર જીવણજી - પચકવાડા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ ની ઉજવણી કરવામાં આવી જેમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ.કે.એચ.ચૌધરી નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી પાટણ, શીતલબેન પટેલ , ગાયત્રીબેન પટેલ , ફિરદોશબેન,શિક્ષકગણ,ગ્રામજનો અને બાળકોએ હાજરી આપી હતી. બાલવાટિકા ના બાળકોને ચોકલેટથી મોં મીઠું કરાવીને શાળા પ્રવેશ કરાવ્યો.શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ગામના દાતાશ્રી પંચાલ દીપકભાઈ શંકરભાઈ તરફથી ધોરણ ૮ ના પ્રથમ ત્રણ નંબર ના બાળકોને અનુક્રમે



૧૦૦૦,૭૫૦,૫૦૦ રૂપિયાનું ઈનામ અને તમામ બાળકોએ બિસ્કીટ નો નાસ્તો આપવામાં આવ્યો .કાર્યક્રમનું સંચાલન શાળાના વિદ્યાર્થીની પરમાર ડીમ્પલબેન હરેશભાઈ દ્વારા કરવામાં આવ્યું હતુ.આ પ્રસંગે શ ા ળ ા મ ા ં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# નવાગામ પ્રા.શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



ચૌહાણ અભાભાઈ - આજ રોજ શ્રી નવાગામ પ્રાથમિક શાળામાં ગ્રામ પંચાયત બોડી તેમજ સ્કુલ મેનેજમેન્ટ કમિટીના સંયુક્ત ઉપક્રમે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫ નો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે સાયલા તાલુકા મામલતદાર શ્રી ચૌધરી સાહેબ નિનામાં ક્લસ્ટર ના crc શ્રી મુંધવા સાહેબ તેમજ શાળાના આચાર્ય શ્રીના માર્ગદર્શન અને રાહબરી નીચે સ્વાગત,દીપ પ્રાગટય બાદ આંગણવાડી તેમજ બાલવાટિકાના બાળકોને કુમ કુમ તિલક સાથે શૈક્ષણિક કીટ દફતર અને રમકડાં વિતરણ કરીને પ્રવેશ અપાવ્યો.ત્યારબાદ ગ્રામ જનો અને વિદ્યાર્થીઓને શિક્ષણ અને કેળવણી બાબતે જરૂરી માર્ગદર્શન અને પ્રેરક ઉદબોધન આપવામાં આવ્યું .આરોગ્ય ટીમ દ્વારા સ્વચ્છતા અને વ્યસન દૂર કરવા તેમજ દીકરીઓને પૂરું ભણતર અપાવવા સમજ આપવામાં આવી.વૃક્ષારોપણ તેમજ શાળા પરિસરની મુલાકાત બાદ smc સભ્યો તેમજ શાળાના શિક્ષકોને શાળાના વિકાસ માટે જરૂરી સુચનો કરવામાં આવ્યા હતા.- અખંડ ભારત

# ભાઉપુરામાં ભગવાન જનન્નાથની રથયાત્રા નિકળી



અવિનાશ ચાવડા - કડીમાં શાંતાબેન માણેકલાલ પ્રાથમિક શાળા ભાઉપુરા માં આજે અષાઢી બીજ નિમિત્તે રથયાત્રાનું આયોજન કરવામાં આવતા જેમાં શાળા ના આચાર્ય શૈલેષભાઈ પટેલ ના માર્ગદર્શન

નીચે શાળા ના શિક્ષકો દ્વારા બાળકો એ રથ બનાવી નાના બાળકો શ્રી કૃષ્ણ , બલરામ , અને બહેન સુભદ્રા નું પાત્ર બની રથ માં બિરાજમાન કરવામાં આવ્યા. બાળકો ને હોશે હોશે રથ યાત્રાનો આનદ માણ્યો હતો.જે નિકળેલી રથયાત્રા શાળા એ થી સરદાર પટેલ સોસાયટી , પાણી ટાંકી , ઉમિયા માતા મંદિર થઈ શાળા માં પરત ફર્યો હતો.પ્રસાદ માં જાંબુ , કાકડી અને મગ નું વિતરણ કરવા માં આવ્યું હતું -અખંડ ભારત

# ભુડમારીયામાં પાકા માર્ગના અભાવે સ્થાનિકો પરેશાન



નિલેશ - છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના ભુડમારીયા ગામમાં આમદા ફળિયામાં એક મહિલાને પ્રસુતિની પીડા ઉપડતા હોસ્પિટલ માટે ખસેડવા માટે લઈ જવા સાધન આવી શકે તે પ્રમાણેની કોઈ વ્યવસ્થા કે પાકા માર્ગની સુવિધાને અભાવે મહિલાને જોડીમાં બેસાડી સારવાર અર્થે ખસેડાઈ રહી હતી.ત્યા માર્ગમાં જ પ્રસુતિ થઈ જતાં તાત્કાલિક દોડી આવેલ ૧૦૮ના સ્ટાફે મહિલાને સ્ટ્રેચમાં સુવડાવી મહિલા અને નવજાત શિશુને અડધો કિલોમીટર સુધી સ્ટેશનમાં લઈ જવાયા બાદબંનેને નસવાડીની દુગ્ધા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.જ્યાં માતા અને શિશુ બંન્ને તંદુરસ્ત હોવાનું જાણવા મળેલ છે. આ અંતરીયાળ વિસ્તારોમાં આઝાદીના દાયકાઓ બાદ પણ પાયાના વિકાસના અભાવથી સ્થાનિકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.-અખંડ ભારત

# તુરખા ખાતે પ્રવેશોત્સવ યોજાયો



મનહરભાઈ માતરિયા : બોટાદ તાલુકાના તુરખા ખાતે આજરોજ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત પ્રવેશોત્સવ તેમજ કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૫ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયેલ આજના કાર્યક્રમ અધ્યક્ષ તરીકે શ્રી બોટાદ જિલ્લા પંચાયત પ્રમુખ જેઠીબેન પાલજીભાઈ પરમાર, બોટાદ માર્કેટિંગ યાર્ડના ચેરમેનશ્રી મનહરભાઈ માતરીયા, જિલ્લા પંચાયત સદસ્યશ્રી સુરેશભાઈ હરીપરા, બોટાદ તાલુકા પંચાયત સદસ્યશ્રી ઈશ્વરભાઈ,તુરખા ગ્રામ પંચાયતના સદસ્યશ્રીઓ, તુરખા કેન્દ્રવર્તી શાળાના આચાર્યશ્રી,ગામના આગેવાનશ્રીઓ તેમજ શિક્ષકગણની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમ ખૂબ યાદગાર રહયો હતો.

# વહીયામાં પ્રવેશોત્સવ યોજાયો



રમેશભાઈ થોરિયા - બરવાળા તાલુકાની શ્રી જી. વી.ધેલાણી.વિદ્યાલયમાં કન્યા કેળવણી ઉત્સવ તથા શાળા પ્રવેશ ઉત્સવ કાર્યક્રમ અંતર્ગત નાના ભૂલકાઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો.-અખંડ ભારત

# ગાજણવાવમાં પ્રવેશોત્સવ યોજાયો



સુંદરલાલ દેડાણીયા - શ્રી ગાજણવાવ પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫ અષાઢી બીજનાં શુભ દિવસે ઉજવાયો હતો.આ પ્રસંગે શાળામાં પ્રવેશ પામતા તમામ બાળકોને કીટ વિતરણ કરી આવકારવામાં આવ્યા. મહેમાન તરીકે પધારેલા શ્રી અજમલભાઈ સોલંકી સાહેબે પ્રેરક પ્રવચન આપ્યુ અને નવા પ્રવેશપાત્ર તમામ બાળકો ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરી ભવિષ્યમાં કોઈ સારા પદ પર બેસી પરિવાર , ગામ અને શાળાનું નામ રોશન કરે એવી શુભેચ્છા પાઠવી. સાથે સાથે તમામ બાળકો અને શિક્ષકોને ગામના દાતાશ્રીઓ અને વડીલોએ કાર્યક્રમની સફળતા બદલ શુભેચ્છા પાઠવી હતી.- અખંડ ભારત

# લિભોલામાં પ્રવેશોત્સવ યોજાયો



જતિન જોશી -મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના લીભોલા ગામની પ્રાથમિક શાળામાં પ્રવેશ ઉત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ પ્રસંગે સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોરની ઉપસ્થિતીમાં બાળકો ને પ્રવેશ આપી અને શિક્ષણ થી પોતાનું ભવિષ્ય ઉજવળ થાય એવી આશાં સાથે બાળકોને સ્કૂલમાં પ્રવેશ આપવામાં આવ્યો

અને સાથે વૃક્ષારોપણ કરી પર્યાવરણનું મહત્વ સમજાવ્યું હતું.-અખંડ ભારત

## આહવાના ગળદમાં વિજ કરંટથી બેના મોત



રાહુલભાઈ વળવી - ડાંગ જિલ્લા ના આહવા તાલુકા ના ગળદની ખેત સિમાડામાં વિજ તંત્ર દ્વારા ઉભા કરવામાં આવેલ વિજ પોલમાં કરંટ ઉતરતા નજીકથી પસાર થતાં બે વ્યક્તિઓ વિજ કરંટનો ભોગ બનતા ઘટના સ્થળે જ બંન્નેનું પ્રાણ પંખેરૂ ઉડી જતાં પરિવારજનોમાં શોકની કાલિમાં છવાઈ જવા સાથે બનાવ સંદર્ભે સ્થાનિક વિજ તંત્ર પ્રશાસનને જાણ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.-અખંડ ભારત

## વારેડા ગામ પંચાયતના સરપંચ પદે ચૂંટાયા



મહેમુદખાન રાઠોડ સરસ્વતી તાલુકા ના વારેડા ગામે ગ્રામ પંચાયત ચૂંટણીનું પરિણામ જાહેર થતાં સરપંચ પદે ઠાકોર જયંતીજી જગમાલજી વિજેતા થયા છે.-અખંડ ભારત

## મહિસાગર જિલ્લાની અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ની બેઠક યોજાઈ



જીગર ભાટિયા - અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ મહીસાગર જિલ્લાની જિલ્લા કારોબારી બેઠક સંતરામપુર તાલુકાની ભેમાંનાદ માધ્યમિક શાળા ખાતે યોજાઈ જેમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના સંગઠન મંત્રી સરદારસિંહ મછાર ,પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ગુજરાતના અધ્યક્ષ અનિરુધ્ધસિંહ સોલંકી, માધ્યમિક શૈક્ષિક મહાસંઘ ગુજરાત મહામંત્રી જીતેન્દ્રભાઈ ઠાકર ઉપસ્થિત રહ્યા... બેઠકની શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી. જિલ્લા ઉપાધ્યક્ષ બેનશ્રી હિનાબેન ગોસાઈ દ્વારા પ્રાર્થના કરાવવામાં આવી, ત્યારબાદ આચાર્ય સંવર્ગના જિલ્લા અધ્યક્ષ સંજયભાઈ પટેલ દ્વારા સ્વાગત પરિચય કરાવી બેઠકની શરૂઆત કરવામાં આવી. જિલ્લા મહામંત્રી પ્રદિપકુમાર પટેલ દ્વારા જિલ્લાના વિવિધ તાલુકાઓની આગામી સદસ્યતા અને મંડળ રચનાનું વૃત લેવામાં આવ્યું. ત્યાર બાદ માધ્યમિક સંવર્ગ ગુજરાતના મહામંત્રી જીતેન્દ્રભાઈ દ્વારા માધ્યમિક સંવર્ગમાં નિરાકરણ થયેલ બધાજ પ્રશ્નોની ચર્ચા, બોર્ડ વિનિમય સુધારા સમિતિ, આચાર સંહિતા સમિતિ, ૩૬૦ ડીગ્રી મુલ્યાંકન કમિટી, બદલીના નિયમો, સંગઠન દ્વારા થઈ રહેલા કાર્યોની ચર્ચા કરી. ત્યારબાદ પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ગુજરાતના અધ્યક્ષ અનિરુદ્ધસિંહ સોલંકીએ ચાલુ વર્ષે સદસ્યતા કઇ રીતે ડબલ કરવી એ માટે યોજના, પ્રવાસ, સંપર્ક, મંડલ રચના વિશે અને સંગઠન દ્વારા થયેલ કાર્યો વિશે અને શિક્ષકોના પડતર પ્રશ્નો વિશે વિસ્તૃત ચર્ચા કરી અને સૌને ડબલ સદસ્યતા કરવા સંકલ્પ લેવડાવ્યો, ત્યારબાદ પ્રાંત સંગઠન મંત્રી સરદારસિંહ મછાર દ્વારા તાલુકા અને જિલ્લાનું સંકલન, પ્રવાસ યોજના વિશે માહિતી આપી.આજની મહીસાગર જિલ્લાની જિલ્લા કારોબારી બેઠકમાં જિલ્લા ટીમ સહિત વિવિધ તાલુકાના અધ્યક્ષ / મહામંત્રી તેમજ જિલ્લા /તાલુકાના ૯૫ જેટલા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકના અંતે જિલ્લા અધ્યક્ષ લક્ષ્મણભાઈ પટેલીયા દ્વારા નીચે પ્રમાણેની જિલ્લા કક્ષાની જવાબદારીઓની જાહેરાત કરવામાં આવી, ઉપસ્થિત સૌએ ૐ ના નાદ સાથે અનુમોદન આપ્યું. સાથે તેઓ દ્વારા તમામનો આભાર માનવામાં આવ્યો હતો.-અખંડ ભારત

## ખાખૂઈ ગામે શાળા પ્રવેશોત્સવ યોજાયો



મનહર મતરીયા-

બોટાદ તાલુકા ના ખાખુઈ ગામે પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ હાજર રહેલ શાળા પ્રવેશોત્સવમાં ઢોલ નગારાં સાથે નાના ભૂલકાંઓને પ્રવેશ આપી બોટાદ એ.પી.એમ.સી. ચેરમેન શ્રી મનહરભાઇ માતરિયા દ્વારા ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ ને ૫૦૦ નોટબુક નું વિતરણ કરવામાં આવ્યું હતું.

-અખંડ ભારત

## ચાંદરણી પ્રા.શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



બલરામ સાધુ - ચાંદરાણી ગ્રુપ પ્રાથમિક શાળામાં પ્રવેશઉત્સવ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ચાંદરાણી પેટા શાળા. ચાંદરાણી વાડી વિસ્તાર શાળા નો પ્રવેશઉત્સવ સાથે યોજેલ કાર્યક્રમ નાં મુખ્ય મહેમાન શ્રી રાકેશ પટેલ સાથે લાયઝન અધિકારી તરીકે જશુબેન ભેડા હાજર રહ્યા હતા અને બેટી બચાવો બેટી પઢાઓ વિશે પોતાની આગવી શૈલીમાં પ્રવચન આપ્યું હતું ગામના સરપંચ શ્રી શાંતિબેન હુંબલ તેમજ પંચાયત સદસ્ય શ્રી ઓ એસ.એમ સી. અધ્યક્ષ શ્રી હાજર રહેલ આ કાર્યક્રમ માં ૪૩ બાળકો એ પ્રવેશ મેળવ્યો હતો -અખંડ ભારત

## ટીંબા તળાવ ગામ પંચાયતનું પરિણામ જાહેર



રાજેશ ખાંટ - સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ટીબા તળાવ ગામની પંચાયતની પ્રથમ ચૂંટણીમાં પરમાર પ્રેમીલાબેન મહેન્દ્રકુમાર ૫૨૫ વોટ થી વિજય થયા છે વોર્ડ નંબર ૧ નારિયા હરેશભાઈ મોહનભાઈ ૨ રમીલાબેન નરેન્દ્રસિંહ પરમાર ૩ રાઠોડ રામાજી સોમાજી ૪ શોભનાબેન ઈશ્વરજી ચૌહાણ ૫ ધર્મિષ્ઠાબેન અરવિંદસિંહ પરમાર બિન હરીફ સભ્ય થયા છે.ગામના અનેક લોકોએ શુભેચ્છા પાઠવી હતી. -અખંડ ભારત

## દંતોડ ગામ પંચાયતના સરપંચ પદે ચૂંટાયા



દિલીપ પટેલિયા - વિજયનગર તાલુકાના દંતોડ પંચાયતની યોજાયેલ ચૂંટણીનું પરિણામ જાહેર થતાં વિજેતા સરપંચ તરીકે ગામની યુવાન દિકરી સાયનાબેન કિરીટભાઈ સડાતને જંગી મતોથી વિજયી બનાવી સત્તાનું સુકાન સોંપતા યુવાન દિકરીએ ગામના વિકાસમાં કોઈ કચાશ નહી રાખે તેવો વિશ્વાસ મતદારોને આપી વિજયી બનાવા બદલ શુભેચ્છા પાઠવી હતી.-અખંડ ભારત

## રૂપપુરા રેલ્વે અંડરપાસમાં વરસાદી પાણીનો ભરાવો



બિપીનચંદ્ર - પાલપુરમાં બિહારી બાગ નજીક આવેલા રૂપપૂરા પાસે રેલ્વેના અંડરપાસમાં વરસાદી પાણીનો ભરાવો થઈ જતાં આ અંડરપાસમાંથી આવન જાવન કરતા સ્થાનિક પ્રજાજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોઈ આ સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવે તેવી સ્થાનિક પ્રજાજનોની તંત્ર સમક્ષ માંગ ઉઠી છે.

-અખંડ ભારત

## લીમખેડા ગ્રામ પંચાયતના સરપંચ પદે ચૂંટાયા



હસમુખ પ્રજાપતિ - લીમખેડા ની ચૂંટણી માં દિનેશભાઈ ભરવાડે પોતાના દસ સભ્યો સાથે ઉમેદવારી નોંધાવી હતી જેમાં દિનેશભાઈ ભરવાડે લીમખેડામાં પહેલીવાર દસ સભ્યો સાથે ઐતિહાસિક અને જંગી મતોની લીડથી સરપંચ પદે સતત બીજી વાર વિજેતા બનતા સૌ ગ્રામજનો અને મતદારોએ તેમને શુભેચ્છા પાઠવી હતી.-અખંડ ભારત

## દરામલી પંથકમાં વરસાદથી ખેતીને નુકશાન



હરેશ પટેલ -ઈડર તાલુકાના દરામલી પંથક ગઈકાલે સાંજે પડેલા ભારે વરસાદને કારણે ખેતરો બેટમાં ફેરવાઈ જતાં ખેતી પાકને નુકશાન થયાનું ખેડૂતો જણાવી રહ્યા છે. -અખંડ ભારત

## સાધલી ખાતે પ્રવેશોત્સવ યોજાયો



સબ્બીર રાઠોડ -ભારત વિદ્યાલય સાધલી મુકામે આજરોજ તારીખ ૨૬ જુન ૨૦૨૫ ગુજરાત સરકારનો શિક્ષણ પ્રત્યેનો ભવ્ય કાર્યક્રમ એટલે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ,આ પ્રસંગે વડોદરા જિલ્લા કલેકટર અનિલ ધામેલીયા, પ્રાંત અધિકારી શિવમ બારીયા અને પશુપાલન નિયામક સી. એમ રાણા ખાસ પધાર્યા હતા. આજે ધોરણ નવ માં ૨૦૪ બાળકો અને ધોરણ ૧૧ માં ૭૧ બાળકોને પ્રવેશ અપાયો હતો. જિલ્લા કલેક્ટર અનિલ ધામેલીયા એ બાળકોને શિક્ષણમાં સતત હાજરી , સંસ્કાર અને પર્યાવરણને અનુલક્ષી ઉદબોધન કર્યું હતું અને આ કાર્યક્રમ સમાજોત્સવ થીમ ઉપર હોવાથી બાળકો, શિક્ષકો, મંડળ ,વાલીઓ તથા સામાજિક સંસ્થાઓ દ્વારા સક્રિય ભાગ લઈને બાળકો ડ્રોપ ના થાય તે માટે સતત જાગૃતતા બતાવી શિક્ષણનો વ્યાપ વધારવા જણાવ્યું હતું. શાળાના આચાર્ય અશ્વિન ગોહિલે સ્વાગત કર્યું હતું. કાર્યક્રમ પત્યા પછી શાળા કેમ્પસમાં વરસતા વરસાદમાં જિલ્લા કલેકટરે વૃક્ષારોપણ કર્યુ હતુ. આ પ્રસંગે મહિલા સરપંચ મનિષા પટેલ ઉપસરપંચ સંકેત પટેલ મંડળના ટ્રસ્ટી જયેશ પટેલ અશ્વિનભાઈ હાજર રહ્યા હતા.-અખડં ભારત

## હિંમતનગરમાં લિંબચ માતાના મંદિરે દાતા દ્વારા ચાંદીની અમર જ્યોતની ભેટ અપાશે



સંજીવ શર્મા - સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરમાં રામબાગ સોસાયટી અષાઢી બીજના રોજ રાજ રાજેશ્વરી કુળદેવી મા લિંબચમાતાને નવીન ચાંદીની અમર જ્યોતનો સેટ હાથરોલ નિવાસી અ. સૌ. દિનુબેન અલ્પેશભાઈના યજમાનપદે વિધી વિધાન લઘુ યજ્ઞ સાથે માતાજી ને સમર્પિત કરવામાં આવનાર છે.-અખંડ ભારત

## આજોલમાં પ્રવેશોત્સવ યોજાયો



નટવરસિંહ વિહોલ - શ્રી વિદ્યા ઉત્તેજક મંડળ, આજોલ સંચાલિત સી.એમ.ડી શાહ હાઈસ્કુલ આજોલ અને આજોલ પ્રાથમિક શાળા નંબર -૧ ના સંયુક્ત ઉપક્રમે પ્રવેશોત્સવનો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. જેમાં રાજ્યકક્ષાના અધિકારી શ્રી અરુણકુમાર એમ. સોલંકી તથા જિલ્લા કક્ષાના અધિકારી શ્રી જી. એચ સિંધાવત અને સરપંચ શ્રી પી.આઈ.પટેલ તથા પૂર્વ સરપંચ શ્રી જે. એન. પટેલ તથા શ્રી નરેન્દ્રભાઈ જી. પટેલ અને મંડળના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં બાલવાટિકા, ધોરણ ૧, ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો અને સાથે કીટ પણ આપવામાં આવી હતી.-અખંડ ભારત

## દિયોદરની ૨૭ ગ્રામ પંચાયતના પરિણામ થી કહી ખુશી કહી ગમ



કલ્પેશ બારોટ - દિયોદર ૨૭ ગ્રામ પંચાયત ચૂંટણી નું બુધવારે મોડલ સ્કૂલ ખાતે મતગણતરી હાથ ધરવામાં આવી હતી જેમાં વહીવટી તંત્ર અને પોલીસ ના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે વહેલી સવારે મતગણતરી હાથ ધરાઇ હતી જેમાં વહેલી સવારે દરેક ગામોમાંથી મોટી સંખ્યામાં સમર્થકો નો જમાવડો જોવા મળી આવ્યો હતો રાઉન્ડ પ્રમાણે સરપંચ પદ નું પરિણામ આવતા દરેક સરપંચ પદ ના સમર્થકોએ ફૂલહાર અબીલ ગુલાલ થી ભવ્ય વિજય ઉત્સવ મનાવ્યો હતો તો બીજી તરફ વિજેતા સરપંચ અને સભ્યો ને પોતાના ગામમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી આવ્યો હતો જેમાં દિયોદર ખાતે શાંતિ પૂર્ણ માહોલ માં મતગણતરી સંપ્પન થઈ હતી.ચૂંટણી પરિણામો બાદ કહી ખુશી કહી ગમના દ્રશ્યો જોવા મળ્યા હતા.-અખંડ ભારત

## ખલીકપૂરમાં પ્રવેશોત્સવ યોજાયો



બારિયા ખાતુભાઈ - અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના ખલીકપુર ગામમાં

ખલીકપુર પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ અંતર્ગત નાના ભૂલકાઓને પ્રવેશ આવી સૌ ભણે સૌ આગળ વધેના ધ્યેય સાથે સૌ સ્થાનિકો પણ આ અભિયાનમાં જોડાયા હતા.

-અખંડ ભારત

## તોરણામાં પ્રવેશોત્સવ યોજાયો



પરમાર કેતન - કપડવંજ તાલુકાના તોરણા ગામે પ્રાથમિક કન્યા શાળામાં શાળા પ્રવેશ મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું જેમાં નાના બાળકોને અભ્યાસ માટેની કીટોનું પણ વિતરણ કરવામાં આવ્યું જેમાં બાળકોના વાલીઓ અને તાલુકા પંચાયત ના સભ્યશ્રી નૈતિકભાઈ ભીખાભાઈ પટેલ જે કારોબારી અધ્યક્ષ છે અને તોરણા ગામ પંચાયતના સભ્યશ્રી કેતનભાઈ ભવનભાઈ પરમાર અને સ્કૂલના આચાર્યશ્રી અને શિક્ષણ ગણ ઉપસ્થિત રહ્યો હતો.

-અખંડ ભારત

## પીપલોદમાં પ્રવેશોત્સવ યોજાયો



વિપુલકુમાર બારીયા - દેવગઢબારિયા તાલુકાના ભુત ફળિયા પિપલોદ પ્રાથમિક શાળામાં સરકારશ્રીએ જાહેર કરેલ કાર્યક્રમ મુજબ તારીખ ૨૬, ૨૭, ૨૮ જૂનના રોજ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવાનું નક્કી કરેલ હોય તારીખ ૨૬,૬ ,૨૦૨૫ ના રોજ ભુત ફળિયા શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી દેવગઢ બારીયાના આર .એફ.ઓ શ્રી હિતેશ પટેલના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો.

આ પ્રવેશોત્સવમાં આંગણવાડીમાંથી ૭ જેટલા બાળકો અને બાલ વાટીકામાં ૨૬ જેટલા બાળકોને હાજર રહેલા મહાનુભવોએ રંગેચંગે પ્રવેશ અપાવ્યો હતો.

-અખંડ ભારત

**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar- PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697